RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 40* Date: 29.11.2022, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# કોંગ્રેસની સરકારમાં ગુજરાત અસુરક્ષિત હતું, પહેલાં ગુજરાતમાં આંતરે દિવસે બોમ્બધડાકા થતા : વડાપ્રધાન

ભાવનગર,તા.૨૮

રાજયમાં વિધાનસભાની ચૂંટણીની હવે ઘડીઓ ગણાઈ રહી છે. પહેલી નવેમ્બરે પહેલા તબક્કાનું અને પાંચમી નવેમ્બરે બીજા તબક્કાનું મતદાન છે. ત્યારે ગુજરાતમાં પોતાની સરકાર બનાવવા તમામ રાજકીય પાર્ટીઓ ગામડે ગામડે સભાઓ ગજવી રહી છે. ત્યારે વડાપ્રધાન ગઈકાલથી ફરી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. ગઈકાલે તેમણે નેત્રંગ, ખેડા અને સુરતમાં જનમેદનીને સંબોધન કર્યું હતું. જયારે વડાપ્રધાને આજે પાલીતાણા અંજારમાં જાહેરસભાને સંબોધન કર્યું હતું. પાલિતાણામાં વડાપ્રધાનની સભા પહેલાં કીર્તિદાન ગઢવીના ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા.

પાલીતાણામાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, આજે પાલિતાણાએ રંગ રાખ્યો લાગે છે. આજે હું સુરતથી આવી રહ્યો છું, ગઈકાલે સાંજે સુરતમાં મારી સભા હતી, નક્કી થયા પ્રમાણે એરપોર્ટથી મારે સભામાં જવાનું હતું. જેથી આખું સુરત રોડ પર ઊતરી આવ્યું હતું, નક્કી કર્યા વગર રોડ શો કર્યો. આપણું ગુજરાત વિકસિત બને, નવી ઊંચાઈઓને પાર કરે એની ચૂંટણી છે. હું જયા જાઉં ત્યાં એક જ અવાજ, એક જ મંત્ર ફીર એકબાર... લોકોના મનમાં વારંવાર ભાજપ સરકાર લાવવાનું મન એટલે થાય છે કે વડીલોને ખબર છે પહેલાં દેશને કેવી રીતે વેરવિખેર કરી દીધો હતો. સરદાર વલ્લભભાઇ પટેલે દેશને એક કરવાનું બીડું ઉઠાવ્યું, રાજા-મહારાજાઓએ સ્પોર્ટ કર્યો. સૌથી પહેલાં ભાવનગરના મહારાજાએ દેશનો વિચાર કર્યો અને દેશની એકતા માટે રાજપાટ સમર્પિત કરી દીધું. રાષ્ટ્ર માટે આવડા મોટા ત્યાગની ભાવનગરે શરૂઆત કરી, આ ગોહિલવાડની ધરતીને સલામ કરૂ છું. આપણે સરદાર પટેલનું સ્ટેચ્યૂ બનાવ્યું, જેમ દેશની એકતામાં સરદાર પટેલનું યોગદાન હતું, તેમ રાજવી પરિવારોનું પણ યોગદાન હતું, જેથી જ્યાં સરદાર પટેલનું સ્ટેચ્યૂ છે ત્યાં જ રાજવી પરિવારનું મ્યુઝિયમ બનાવવાનું નક્કી કર્યું છે.

વડાપ્રધાને વધુમાં કહ્યું કે, કોંગ્રેસની સરકારમાં ગુજરાત અસુરક્ષિત હતું. પહેલાં ગુજરાતમાં આંતરે દિવસે બોમ્બધડાકા થતા, છેલ્લાં ૨૦ વર્ષથી આ દુકાનો બંધ થઇ ગઈ. ભાજપની સરકારમાં ગુજરાત સુરક્ષિત થયું, વિકાસ થયો અને વેપાર વધ્યો. ગુજરાતમાં ગામડા અને શહેરમાં એકતાનું વાતાવરણ ભાજપની સરકારમાં થયું છે. આ કારણે જ કોંગ્રેસની વિદાય ગુજરાતમાંથી થઈ ગઇ છે. જોં કોગ્રેસને ગુજરાતનો હિસ્સો બનવું હશે તો જાતિવાદ છોડવો પડશે, રંગ બદલવાનું છોડવું પડશે. એકતાનું પરિણામ સારું હોય, ખાલી તમે નર્મદાનું પાણી, સૌની યોજના જેવી તમામ યોજના લઈ લો, આ આપણી એકતાથી થયું છે. જેણે ૪૦-૪૦ વર્ષ સુધી ગુજરાતને તરસ્યું રાખ્યું તેના ખભે હાથ મૂકીને એક ભાઈ પદ માટે પદયાત્રા કરે છે, પરંતુ તેમને ક્યાં ખબર છે કે, ગુજરાતમાં તો એક લાખ વણઝારો વાવ ખોદે તોપણ તરસ છીપી જાય. જેની જોડે ફોટો પણ ન પડાવાય તેના જોડે યાત્રા કરવી એને ગુજરાત ક્યારેય નહીં સ્વીકારે.

પી.એમ મોદીએ કહ્યું કે, ગુજરાતમાં ૧૩ લાખથી વધુ ખેડૂતો ટપક સિંચાઈથી ખેતી કરીને પાણી બચાવે છે .ખેડૂતોને વીજળી જોઈએ પણ બિલ મોંઘું પડે છે. જેથી હવે આપણે ખેતરે ખેતરે સોલર પ્લાન્ટનું આયોજન કરી રહ્યા છીએ. દેશમાં ૮૫ ટકા ખેડૂતો નાના છે, પણ તોય તેમને અનેક યોજનાનો લાભ મળે છે. મોદી તમારા વચ્ચે મોટો થયો એને નાના ખેડૂતની ચિંતા થઈ તો પીએમ કિશાન યોજના લઈ આવ્યો. ભાવનગરમાં અઢી લાખ ખેડૂતોનાં ખિસ્સાંમાં ૫૧૦ કરોડ રૂપિયા પીએમ કિશાન યોજનાથી મળ્યા છે. ખેડૂતોને ઓછો બોજ આવે એ માટે અમે કામ કર્યું.





આપણા દેશને ખાતરની અછત છે, બહારથી લાવવું પડે છે, દુનિયાભરમાં ખાતર મોંઘું થયું છે, પણ અમે સસ્તું આપીએ છીએ. સરકારને ખાતરની થેલી ૨૦૦૦માં પડે છે, અમે ખેડૂતને ૨૭૦ રૂપિયામાં આપીએ છીએ, યુરિયાની એક થેલીમાં ૧૬૦૦-૧૭૦૦ સરકાર ભરે છે, તમને ૨૦૦-૩૦૦માં મળે છે. હવે નેનો યુરિયા લાવ્યા છીએ, યુરિયાની એક થેલી બરાબર નેનો યુરિયાની એક બોટલ કામ કરે છે. અમે ખેડૂતનો ખર્ચો કંઈ રીતે ઘટે એ અંગે સતત વિચારતા હોઈએ છીએ.

હું મુખ્યમંત્રી બન્યો ત્યારે લોકો મને કહેતા કે નરેન્દ્રભાઈ સાંજે વાળુ કરતી વેળાએ વીજળી મળે એવું કરો. મેં કહ્યું, હું ૨૪ કલાક આપીશ, તો કોંગ્રેસિયા મારી મજાક ઉડાવતા હતા કે આ કોઈ દિવસ સરપંચ પણ નથી થયો અને સીએમ થઈ ગયો છે તો કેવા વાયદા આપે છે. આ વાયદાને મે પુરા કર્યા. આપણે જ્યોતિગ્રામ યોજના લાવ્યા અને ગુજરાતને અંધકારમાંથી બહાર લાવ્યા, આ ભાજપથી જ થાય, કોંગ્રેસથી નહીં.

# પ્રિયંકા ગાંધીએ સિદ્ધુને પત્ર લખ્યો- જેલથી બહાર આવતા જ નવજોત સિદ્ધુને મોટી જવાબદારી મળશે ?

નવીદિલ્હી,તા.૨૮

પંજાબ કોંગ્રેસના વરિષ્ઠ નેતા નવજોત સિંહ સિદ્ધુ રોડ રેજ કેસમાં સજા કાપી રહ્યા છે. ઘણા રાજકીય નિષ્ણાતોએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ હાઈકમાન્ડ તેમને એક વર્ષમાં ભૂલી જશે, પરંતુ એવું થયું નહીં. હવે પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ સિદ્ધુને પત્ર લખ્યો છે. આ પત્રમાં શું હતું તે જાણી શકાયું નથી, પરંતુ પંજાબના રાજકીય વર્તુળોમાં વિવિધ પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છેકે જેલમાંથી બહાર આવતા જ નવજોત સિંહ સિદ્ધુને મોટી જવાબદારી મળી શકે છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ પંજાબમાં સિદ્ધુનું મહત્વ સમજે છે. આવી સ્થિતિમાં તેમને ભૂલી શકાય તેમ નથી. પ્રિયંકાના પત્ર બાદ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે જેલમાંથી બહાર આવતા જ સિદ્ધુને મોટી જવાબદારી મળી જશે. આવતા વર્ષે ૯ રાજયોમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, જેમાં સિદ્ધુ મહત્વની ભૂમિકા ભજવશે. જો કે કોંગ્રેસના ઘણા નેતાઓએ આ પત્રની પુષ્ટિ કરી, પરંતુ તેમાં શું લખ્યું છે તે કોઈએ જણાવ્યું નથી.

આ કેસ ત્રણ દાયકા જૂનો છે. ૨૭ ડિસેમ્બર ૧૯૮૮ના રોજ સિદ્ધુ તેના મિત્ર રૂપિન્દર સિંહ સંધુ સાથે પટિયાલાના શેરાવલે ગેટ માર્કેટ જઈ રહ્યા હતા. આ એ સમય હતો જયારે સિદ્ધુ દેશના જાણીતા ક્રિકેટરોમાંના એક હતા.

તે દિવસે કાર પાર્ક કરતી વખતે તેમનો વૃદ્ધ ગુરનામ સિંહ સાથે ઝઘડો થયો હતો. એવો આરોપ છે કે સિદ્ધુએ તેમને ઘૂંટણથી મારીને પાડી દીધા હતા. જે બાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ હાર્ટ એટેકથી તેમનું મૃત્યુ થયું હતું. ગુરનામના પરિવારે આ ઘટના માટે સિદ્ધુને જવાબદાર ગણાવ્યા હતા. મામલો કોર્ટમાં પહોંચ્યો અને મે ૨૦૨૨માં તેને એક વર્ષની સજા ફટકારવામાં આવી.

તમને જણાવી દઈએ કે સિદ્ધુ પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલા પંજાબ પીસીસીના ચીફ હતા, પરંતુ આંતરિક મતભેદને કારણે તેમણે ચૂંટણી પહેલા રાજીનામું આપી દીધું હતું. જોકે, બાદમાં હાઈકમાન્ડે તેમને સમજાવ્યા અને તેઓ રાજી થયા. આ પછી તેઓ અમૃતસર પૂર્વ બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા, પરંતુ તેઓ આમ આદમી પાર્ટીના જીવન જ્યોત કૌર દ્વારા હાર્યા હતા.

# કેરળમાં પોલીસ સ્ટેશન પર હુમલો, ૩૬ ઘાયલ:૫ લોકોની ધરપકડ પછી પ્રદર્શનકારીઓએ એટેક કર્યો

કોચ્ચી,તા.૨૮

કેરળમાં અદાણી પોર્ટની વિરુદ્ધમાં થઇ રહેલાં પ્રદર્શને હિંસક રૂપ ધારણ કર્યું છે. પ્રદર્શનકારીઓએ વિઝિંજમ પોલીસ સ્ટેશન પર રવિવાર રાતે હુમલો કરી દીધો. તેમાં ૩૬ પોલીસવાળા ગંભીર રૂપે ઘાયલ થયા છે. બધાની નજીકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

હકીકતમાં, વિઝિંજમમાં લોકો અદાણી પોર્ટ ન બનવા દેવા ઈચ્છતા હતા. તેના વિરોધમાં ૧૨૦ દિવસોથી પ્રોટેસ્ટ કરી રહ્યા છે. રવિવારે પોલીસે ૫ લોકોને એરેસ્ટ કર્યા. ત્યાર બાદ લોકોએ ગુસ્સામાં આવીને પોલીસ સ્ટેશન પર હુમલો કરી દીધો.

રિપોર્ટ્સ અનુસાર ભીડ એટલી ગુસ્સામાં હતી કે લાકડીઓ અને પથ્થરોથી પોલીસ કર્મચારીઓ પર હુમલો કર્યો. પોલીસની ગાડીઓમાં આગ લગાવી દીધી. તેનાથી પોલીસની ચાર જીપ, બે વાન અને ૨૦ મોટરસાઈકલને નુકસાન થયું હતું. પોલીસ સ્ટેશનમાં ફર્નિચર અને જરૂરી દસ્તાવેજોનો નાશ કરી દીધો છે. પોલીસ સ્ટેશન પર હુમલા બાદ એરિયામાં તણાવપૂર્ણ સ્થિતિ છે. ત્યાં ૨૦૦ વધારે પોલીસ કર્મચારીને મૂકી દેવામાં આવ્યા છે.

વિઝિંજમમાં લોકો અદાણી પોર્ટના નિર્માણને રોકવા અને તટની કપાતના અધ્યયનની માંગણી કરી રહ્યા હતા.

તેમાં સ્થાનિક લોકો, માછીમારો અને લેટિન વિઝિંજમ પોલીસે રવિવારે લેટિન આર્ક બિશપ થોમસ જે નેટ્ટો અને અન્ય પાદરીઓ સહિત ૫૦ પ્રદર્શન કરનાર વિરુદ્ધ મામલો દાખલ કર્યો. એફઆઈઆરમાં ષડ્યંત્ર રચવા અને હિંસામાં સામેલ હોવાની વાત કહી ગઇ છે.

ત્યાર બાદ પોલીસે પાંચ લોકોને કસ્ટડીમાં લીધા અને હિંસા ભડકી ઊઠી.

# આમ આદમી પાર્ટીએ હરિયાણામાં જિલ્લા પરિષદની ૧૫ બેઠકો પર કબજો કર્યો

ચંડીગઢ,તા.૨૮

હરિયાણામાં પંચાયત ચૂંટણીના પરિણામ બહાર પાડી દેવાયા છે જેમાં ભાજપ, આમ આદમી પાર્ટી અને આઈએનએલડીના ઉમેદવારોએ રાજ્યમાં જિલ્લા પરિષદની અનેક બેઠકો પર કબજો જમાવ્યો. સુત્રોના જણાવ્યાં મુજબ એક વરિષ્ઠ ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે જીતેલા તમામ ઉમેદવારોના નામનું નોટિફિકેશન ૩૦ નવેમ્બર પહેલા હરિયાણા સરકારના ગેઝેટમાં બહાર પાડવામાં આવશે. સત્તાધારી ભાજપે સાત જિલ્લા પરિષદની ૧૦૨ બેઠકમાંથી ૨૨ પર જીત મેળવી. પાર્ટી નેતાના જણાવ્યાં મુજબ આ જિલ્લાઓમાં યમુનાનગર, અંબાલા, ગુરુગ્રામ પણ સામેલ છે. પરંતુ પાર્ટીને પંચકૂલામાં જબરદસ્ત મોટો ઝટકો લાગ્યો. અહીં જિલ્લા પરિષદની ૧૦ બેઠકો હારી ગઈ. સૌથી વધુ આમ આદમી પાર્ટીના પ્રદર્શને આ ચૂંટણીમાં બધાને ચોંકાવી દીધા. આમ આદમી પાર્ટીએ સિરસા, અંબાલા, યમુનાનગર અને જિંદ સહિત જિલ્લાઓમાં જિલ્લા પરિષદની ૧૫ બેઠકો પર કબજો કર્યો. આપઁ જિલ્લા પરિષદની લગભગ ૧૦૦ બઠકો પર ચૂંટણી લડી હતી. જયારે ઈન્ડિયન નેશનલ લોકદળ જિલ્લા પરિષદની ૭૨ બેઠકો પર ચૂંટણી લડ્યું હતું. તેને ૧૪ બેઠક પર જીત મળી છે. કોંગ્રેસે પાર્ટી ચિન્હ પર ચૂંટણી લડી નહતી. રાજકીય પક્ષોએ એવો પણ દાવો કર્યો હતો કે જે ઉમેદવારોનું તેમણે સમર્થન કર્યું હતું તેમાંથી અનેકે જિલ્લા પરિષદની સીટો કબજે કરી છે. અનેક અપક્ષ ઉમેદવારોએ પણ જીત મેળવી છે. જે રાજકીય પક્ષો માટે મોટો ઝટકો છે. ઈન્ડિયન નેશનલ લોકદળ (ઈનેલો)ના નેતા અને એલનાબાદના વિધાયક અભય ચૌટાલાના પુત્ર કરણ ચૌટાલા સિરસામાં જિલ્લા પરિષદના વોર્ડ નંબર ૬થી ૬૦૦થી વધુ મતોથી જીત્યા. ચૂંટણી પરિણામો બાદ મીડિયા સાથે વાતચીતમાં કરણ ચૌટાલાએ જીત માટે મતદારોનો આભાર માન્યો. શાહબાદથી જેજેપી વિધાયક રામકરણ કલાના પુત્ર કંવરપાલે શાહબાજ જિલ્લા પરિષદના વોર્ડ નંબર એકથી જીત મેળવી છે.

# ગમે તેટલી સેના તહેનાત કરી લો, પરિણામ નહીં આવે:મહેબૂબા મુફ્તીની કેન્દ્ર સરકારને ચેતવણી

શ્રીનગર,તા.૨૮

કાશ્મીરમાં પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના વડા મહેબૂબા મુફ્તીએ કેન્દ્રની ભાજપ સરકારને કડક ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે જ્યાં સુધી કાશ્મીરનો મુદ્દો ઉકેલાય નહીં ત્યાં સુધી કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરમાં ગમે તેટલી સેના તૈનાત કરે, અહીં કંઈપણ બદલાવવાનું નથી.

મહેબૂબાએ કેન્દ્ર સરકારને ચેતવણી આપતા કહ્યું કે સરકારે હુમલાખોરો જેવું વર્તન ન કરવું જોઈએ કારણ કે કાશ્મીરના લોકો જાણે છે કે તેમને કેવી રીતે ભગાડવાના છે. વધુમાં કહ્યું, ‘હું ભાજપને કહેવા માંગુ છું કે જ્યારે હુમલાખોરો પાકિસ્તાનથી આવ્યા હતા, ત્યારે ભારતીય સેના અહીં પહોંચી શકી નહોતી. આમ છતાં લોકોએ હુમલાખોરોને ભગાડ્યા હતા. તેથી હુમલાખોર ન બનો, કાશ્મીરી લોકો જાણે છે કે તેમને કેવી રીતે ભગાડવાના છે‘. પાર્ટીના યુથ સંમેલનમાં ભાષણ આપતી વખતે મહેબૂબાએ એમ પણ કહ્યું કે કાશ્મીર બંધારણ દ્વારા ભારત સાથે જોડાયેલું છે, પરંતુ ભાજપે બંધારણને જ ખતમ કરી દીધું છે. ભારત ભાજપનું નથી. અમે કાશ્મીરને ભાજપનું ભારત નહીં બનવા દઈએ.




મહેબૂબા મુફ્તીએ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા પછી પણ અહીં પંચાયત ચૂંટણી કરાવવા માટે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. તેમણે કે જો આ ચૂંટણીઓ આટલી સારી છે તો કેન્દ્રની ટોપની લીડરશીપ આ ચૂંટણીઓમાં કેમ ઊભી નથી થતી?

મહેબૂબાએ કહ્યું, ‘અમે તમારી સાથે સંવિધાન દ્વારા સંબંધ જોડ્યા હતા, જેણે તમે ખતમ કરી દીધા છે. તમે અમારા સન્માન સાથે રમ્યા. આ કામ નહીં કરે. જો તમે આખી દુનિયાને કહી શકો કે તમે જમ્મુ અને કાશ્મીરની વિધાનસભા અને બંધારણને નાબૂદ કરી દીધું છે, પરંતુ પંચાયતની ચૂંટણીઓ કરાવી છે, તો તમારે કેન્દ્ર સરકારમાં તમારા ઉચ્ચ હોદ્દા પરથી રાજીનામું આપીને પંચાયતની ચૂંટણી જ લડવી જોઈએ.આ સંમેલનમાં હાથમાં યુથ ફોર યુનિટીના બોર્ડ સાથે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. મહાત્મા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના સપનાના ભારતનો ઉલ્લેખ કરતા મહેબૂબા મુફ્તીએ કહ્યું કે તેઓ એ ભારતની વાત કરે છે જેને રાહુલ ગાંધી શોધી રહ્યા છે.

મહેબૂબાએ કહ્યું, ‘કાશ્મીરી લોકો પૂછે છે કે મેં કાશ્મીરને કયા દેશ સાથે જોડ્યું અને શા માટે? હું કહેવા માગુ છું કે જયારે હિન્દુ-મુસ્લિમ ધર્મના નામે લડતા હતા ત્યારે કાશ્મીર એકમાત્ર એવી જગ્યા હતી જ્યાં બહુમતી મુસ્લિમ સમુદાયે કાશ્મીરી પંડિતો અને હિન્દુઓ-શીખોના જીવ બચાવ્યા હતા. હું આજના ભારતની વાત નથી કરી રહી, પરંતુ મહાત્મા ગાંધીના પૌત્ર તુષાર ગાંધી અને જવાહરલાલ નેહરુના પૌત્ર રાહુલ ગાંધી જે ભારત શોધી રહ્યા છે તેની વાત કરૂં છું. હું મહાત્મા ગાંધી અને નેહરુએ સાથે મળીને બનાવેલા ભારત વિશે વાત કરું છું.

## તંત્રી સ્થાનેથી...

# ભારતના બંધારણમાં સુધારણા માટે પક્ષ-વિપક્ષ વચ્ચે શાબ્દિક જંગ




ભારતનું બંધારણ વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ છે. તેના અનુચ્છેદ ૩૬૮ના આધારે સંસદને બંધારણમાં સુધારા કરવાનો અધિકાર અપાયો છે. બંધારણમાં પ્રથમ સુધારો ૧૯૫૧માં અસ્થાયી સંસદે પસાર કર્યો હતો. એ સમયે રાજ્યસભા નહોતી. પ્રથમ સંશોધન અંતર્ગત ‘રાજ્યો‘ને સામાજિક અને આર્થિકપણે પછાત વર્ગો કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની પ્રગતિ માટે હકારાત્મક પગલાં લેવાનો અધિકાર અપાયો હતો. અત્યાર સુધી બંધારણમાં ૧૦૫ સુધારા કરાયાં છે, પરંતુ બંધારણની પ્રસ્તાવનામાં માત્ર એક વખત જ સુધારો કરવામાં આવ્યો છે. એવા ઘણા મુદ્દા છે જેને લઈને અવારનવાર પક્ષ અને વિપક્ષ વચ્ચે શાબ્દિક જંગ થતો રહ્યો છે અને દરેક વખત બંધારણનો હવાલો અપાય છે. બંધારણની પ્રસ્તાવનામાં ફેરફારની વાત હોય, જજોની નિયુક્તિની કૉલેજિયમ પ્રણાલી હોય, પક્ષપલટાવિરોધી કાયદો હોય, જમ્મુ-કાશ્મીરનો વિશેષ રાજ્યનો દરજ્જો ખતમ કરવાની વાત હોય કે પછી ચૂંટણી કમિશનરોની નિમણૂકોનો મુદ્દો.

અત્યાર સુધી થયેલ બંધારણીય સુધારામાંથી ઘણાને કોર્ટમાં પડકારાયા છે, પરંતુ દેશની સર્વોચ્ચ અદાલતે માત્ર ૯૯મા બંધારણીય સુધારાને ગેરબંધારણીય જાહેર કર્યો છે. આ સુધારો રાષ્ટ્રીય ન્યાયિક આયોગ (એનજેએસી કાયદો)ની રચના અંગે હતો. સુપ્રીમ કોર્ટે ૧૬ ઑક્ટોબર ૨૦૧૫ના રોજ જજો દ્વારા જજોની નિમણૂક માટેની ૨૨ વર્ષ જૂની કૉલેજિયમ પ્રણાલીની જગ્યા લેનારા વર્ષ ૨૦૧૪ના એનજેએસીના કાયદાને રદ કરી દીધો હતો. પાંચ જજોની બંધારણીય પીઠે ચાર-એકની બહુમતીથી આપેલ નિર્ણયમાં એનજેએસી કાયદો અને બંધારણ (૯૯મુ સંશોધન) અધિનિયમ, ૨૦૧૪ બંનેને ગેરબંધારણીય અને અમાન્ય જાહેર કરી દીધા હતા.

૨૦૧૪ બાદ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો. એ હતો રાષ્ટ્રીય ન્યાયીક નિયુક્તિ આયોગનું ગઠન કરવાની દિશામાં આગળ વધવાનો. આ આયોગ દ્વારા કેન્દ્ર સરકાર ન્યાયાધીશોની નિયુક્તિ કરવામાં સક્ષમ થઈ ગઈ હોત. કાયદા અંતર્ગત એવી જોગવાઈ કરાઈ હતી કે જજોની નિમણૂક કરવા માટેના આ પંચનું અધ્યક્ષપણું ભારતના મુખ્ય ન્યાયાધીશે સંભાળવાનું હતું. આ સિવાય સુપ્રીમ કોર્ટના બે સિનિયર ન્યાયાધીશ, કાયદામંત્રી અને બે જાણીતી હસ્તીઓ પણ આ આયોગનો ભાગ બનવાની હતી. આ બે હસ્તીઓની પસંદગી ત્રણ સભ્યોવાળી સમિતિએ કરવાની હતી જેમાં વડા પ્રધાન, મુખ્ય ન્યાયાધીશ અને લોકસભામાં વિરોધપક્ષના નેતા કે સૌથી મોટા વિપક્ષી દળના નેતા સામેલ હતા. આમાં રસપ્રદ વાત એ હતી કે આ કાયદાની એક કલમ અંતર્ગત જો આયોગના બે સભ્યો અમુક નિમણૂક મામલે સંમત ન થાય તો આયોગ એ વ્યક્તિની નિમણૂકની ભલામણ નહીં કરે. આ બંધારણીય સુધારા પર ૨૯ રાજ્યોમાંથી ગોવા, રાજસ્થાન, ત્રિપુરા, ગુજરાત અને તેલંગાણા સહિત ૧૬ રાજ્યોની વિધાનસભાએ પણ પોતાની મહોર મારી. તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા આ ખરડાને મંજૂરી આપતાં જ તે બંધારણીય સુધારો કાયદો બની ગયો. પરંતુ આ કાયદાને સુપ્રીમ કોર્ટમાં પડકારાયો. અરજીઓ પર સુનાવણી બાદ ૧૬ ઑક્ટોબર ૨૦૧૫ના રોજ સુપ્રીમ કોર્ટની બંધારણીય પીઠે ચાર-એકના બહુમત સાથે આ બંધારણીય સુધારા કાયદાને રદ કરી દીધો. અદાલતે કહ્યું કે જજોની નિમણૂક જૂની રીત - કૉલેજિયમ સિસ્ટમ મારફતે જ થશે.

# ભાજપ મારી છબી ખરાબ કરવા કરોડો રૂપિયા ખર્ચી રહી છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૨૮

રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટીની ‘ભારત જોડો યાત્રા’ ચાલુ છે. આ દરમિયાન રાહુલ ગાંધીએ મધ્યપ્રદેશના ઈન્દોરમાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સોમવારે ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે ભાજપ મારી છબી ખરાબ કરવા માટે કરોડો રૂપિયા ખર્ચી રહી છે. ભાજપે મારી એક અલગ ઈમેજ બનાવી છે. તે લોકો માને છે કે તે ઈમેજ મારા માટે હાનિકારક છે, પરંતુ તે મારા માટે ફાયદાકારક છે. કારણ કે સત્ય મારી સાથે છે. મારા પર વ્યક્તિગત હુમલો થઈ રહ્યો છે, આવી સ્થિતિમાં સ્પષ્ટ છે કે હું સાચી દિશામાં આગળ વધી રહ્યો છું.રાજસ્થાનમાં ચાલી રહેલા ગેહલોત અને પાયલોટ વચ્ચેના વિવાદ પર રાહુલ ગાંધીએ કહ્યું કે, બંને નેતાઓ કોંગ્રેસ માટે સંપત્તિ છે.

નથી
ગુલાબની કળીની જેમ
કેમ ઊઘડી શકતો નથી?
રડવાની ઈચ્છા છે, પણ,
વાદળ જેમ રડી શકતો નથી.
ગમે તેટલી કડવાશ છોને હોય,
પાંડવ જેમ લડી શકતો નથી.
ગમે તેટલો ધરબી દો અંદર,
પર્ણની જેમ સડી શકતો નથી.
એક નહી ઘણી ફરિયાદ છે,
હરિ સામે ઝઘડી શકતો નથી
ભરત વૈષ્ણવ

યુધ્ધની આ છાવણી છે જાણ તો કરવી હતી
આટલી નારાજગી છે જાણ તો કરવી હતી
એક બે ત્રણ ચાર તો શું પાંચ પણ લખતેગઝલ
આ તમારી કાંસકી છે જાણ તો કરવી હતી
એક દુશ્મન ક્યારનો પૂછ્યા કરે છે કાનમાં
બંધ મુઠ્ઠી ક્યારથી છે જાણ તો કરવી હતી
મેં કદી ઠાર્યો નથી દીવો તમારાં માનમાં
આપની પરવાનગી છે જાણ તો કરવી હતી
વાત અફવામાં ખપાવી ના નથી એની મને
આ હકીકત આપણી છે જાણ તો કરવી હતી
સુરેશ ઝવેરી (મુંબઈ )



# ભારતના પુરુષાર્થની હકારાત્મક નોંધ લઇને બ્રિટનના પ્રધાનમંત્રીનું નવું લકઝુરિયસ ફરીરનુમા સાદગીપૂર્ણ નિવાસસ્થાન બનાવવા ઋષિ સુનકને અનુરોધ!!!

આ ચોખલિયા માણસોની તકલીફ છે. યમ, નિયમ, વિનિયમ, પેટાનિયમ, મુખ્ય નિયમ, ગૌણ નિયમ, અનુનિયમનું ચુસ્તપણે પાલન કરે છે. કાઠિયાવાડના પેલા દોહા મુજબ ડીટો ટુ ડીટો વર્તે છે. ૦વા ફરે ,વાદળ ફરે , ફરે નદીના નીર, શૂરા બોલ્યા ના ફરે પશ્ચિમ ઉગે સૂર”(ભાઇ સૂરજ ઉગતો નથી. સૂરજ આથમતો નથી. પૃથ્વી તેની ધરી પર ૬૬ ૧/૨ પર ફરે છે એટલે સૂર્યોદય-સૂર્યાસ્તની ભ્રમણા થાય છે. સૂરજનું પેલા પોપટ જેવું છે. પોપટ ભૂખ્યો નથી અને પોપટ તરસ્યો નથી , પોપટ આંબાની ડાળ પોપટ સરવરપાળ જલ્સા કરે છે. બિલકુલ આનંદી કાગડા જેવું અફર વલણ!! ) આવા માણસો સગવડીયા નથી. ખૂબ જ રીજીડ હોય છે. લળે પણ નહીં અને ઝૂકે પણ નહીં . ઉભા તાડ જેવા. આપણે છાંયાની પણ અપેક્ષા રાખવાની નહીત્ર!!

આવા ચોખલિયા માણસોને વૈભવ, વિલાસ સાથે બાપે માર્યા વેર હોય છે!! એમની સાદગી વૈભવયુકત હોય છે. એમના વિચારો નીચ અને આચાર ઉચ્ચ હોતા નથી. આજે આપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ સુધી પહોંચ્યા. એક મિનિટમાં એક કાર બનતી હોય. એ તકલી અને ચરખાના આધારે ગ્રામ સ્વરાજ અને સ્વાશ્રય અને પગભર થવાની સુફિયાણી વાતોના વડા કરતા હોય છે!!!આવા લોકોને શરીરને એશોઆરામની સુટેવ પાડવાનો બદલે શરીરને કષ્ટ આપવામાં તકલીફો વેઠવામાં આનંદ આવતો હોય છે. એમના અનુયાયી તેમના વિચારોને અનુસર્યા સિવાય વાહવાહી કરવાની કુટેવ હોય છે.

એમને નિયમ મુજબ મળવાપાત્ર સગવડો બાદશાહી લાગે છે. આખી જીંદગી ટાંટિયાતોડ કરનારને કાર લકઝુરિયસ લાગે છે. એ તેના અંગત સચિવને કાર પરત કરી પહોંચ મેળવવા સૂચના આપે છે. ખલિફાતમાં ખલીફા અંગત કામ અને સરકારી કામ મુજબ અંગત સરકારી મીણબત્તીનો ઉપયોગ કરતા .ભલાદમી ખુરશી પર બેસવા મળ્યું છે. લહેરપાણીને લાડવા કરને!!! ચકલા ચૂંથવાનું બંધ કર. સતા હશે ત્યાં સુધી સૌ આવભગત કરે છે. બધા ઉગતા સૂરજને પૂજે છે. આથમતા સૂરજ કે સતા પરથી ઉતારેલા અધિકારીની કોઇ છીંકણી લેતા નથી. ભગવાન તારી મદદ કરવા સોનામહોરનો ચરુ આપવા સ્વયં સુઓમોટો આવવવાનો નથી. એ તક આપે છે. તકને વાપરવી કે વેડફી નાંખવી તે તારા હાથ છે!!આવા લોકો હોઠે આવેલ ગ્લાસ સિધ્ધાતના નામે ઢોળી કાઢે છે, પછી ઘટનાનું પોસ્ટમોર્ટમ કરે છે. ખુદ સિદતથી સાદગી-સિધ્ધાંત અતિરેક સાથે પાળે છે, જેવી રીતે કૂતરા પાળે છે.!! એનો આપણને વાંધો વિરોધ ન હોય, પણ હિટલરની જેમ બીજા પાસે પાળવા સરમુખત્યારાગ્રહ કરે છે!! જે આંખમાં કણાની માફક ખૂંચે છે!!

ઘણા લોકો વરસોથી જે મકાનમાં રહેતા હોય, અગવડ પડતી હોય, સંકડાશ હોય, પણ મકાનાસકિત હોય. એટલે મકાન ખાલી કરવાની ઈચ્છા ન હોય. સરકારી મકાનોમાં રહેતા બાબુઓ તેમને પ્રાંરભે જે કવાર્ટર મળ્યું હોય તે નિવૃતિ સુધી ખાલી કરતા નથી. ઘણીવાર આ કારણોસર નિવૃતિ બાદ પણ મકાન ખાલી કરતા નથી. કેટલીકવાર મંત્રીઓ પણ શહેરમાં પોતાનું હોવા છતાં સરકારી બંગલો ખાલી કરતા નથી. સિકયોરિટીનું બહાનું કાઢે છે. શહેરી વિકાસ તંત્ર બંગલો ખાલી કરવાની નોટીસ આપે,પણ મંત્રી સાહેબ બંગલો ખાલી કરે નહીં. મજાની વાત એ છે કે મંત્રી સાહેબ બંગલામાં ધરાર રહેતા આ ફાની દુનિયા છોડી જાય પછી બંગલામાં મંત્રી સાહેબની યાદ તાજી રાખવા બંગલાને મંત્રીનું સ્મારક સ્થળ જાહેર કરવા આંદોલન થાય. પાછું સ્મારક સ્થળ જાહેર થાય!! કેટવાક મંત્રીને મોટા ખાતા મળે એટલે વધુ સુવિધાવાળા મોટા બંગલો મેળવવા રેસલિંગ કે બોકસિંગ કરે!! આપણા ભારતીય મુંડો ઋષિ સુનક કે જે ઈંગ્લેન્ડના ડુબતા જહાજનો કેપ્ટન આઇ મિન પ્રધાનમંત્રી બન્યો. આપણે ત્યાં ત્રીજુ વિશ્વયુદ્ધ જીતી ગયા જેવી રાષ્ટ્રવાદી લાગણી થઇ!! ઋષિએ ૧૦ ડાઉન સ્ટ્રીટ-બ્રિટનના પ્રધાનમંત્રીના સત્તાવાર નિવાસસ્થાને રહેવા જવાનો ઈક્રાર કર્યો.એટલું જ નહીં પણ તેના જુનિયરને જેરેમી હંટને રહેવા માટે આપી દીધું !!!! લા હૌલ કુવ્વત! જુનિયર પર આવી મહેરબાની ? આટલી ખેરાત?’આપણો ગુસ્સો, ક્રોધ, જવાબદારી ઢોળવા જુનિયર હોય છે. તેની પ્રસંશા કરવા કે પીઠ થાબડવાની તેમનામા્ આમૂલાગ્ર બગાડો થાય છે. તમારે ન રહેવું હોય તો તમારા ઘરઘાટી, માળી, રસોઈયાને મકાન આપી દેવાનું હોય!!અમારું જોઇને તો કૈંક શીખો. અમારે ત્યાં ખખડધજ વિમાનો હતા. અમેરિકન પ્રમુખ પાસે આધુનિક વિમાન હોય તો આપણે અમેરિકા કરતાં ઉતરતા છીએ??? અમેરિકાને દેખાડવા અમારે સાડા આઠ હજાર કરોડનો ધુમાડો કરવો પડ્યો. રાષ્ટ્રની ઈજ્જત અને અસ્મત સામે રૂપિયા ગૌણ છે??અમારે ત્યાં જૂના ભારતના જમાનાના સત્તાવાર નિવાસસ્થાન હતા. જેમાં ગાબડાં પડી ગયેલી, લોખંડના સળિયા પાપારાઝી ફોટોગ્રાફરની જેમ સ્લેબમાંથી ડોકાં કાઢતા હતા.કલરના પોપડાં ઉખડી ગયા હતા. બાથરૂમ ઊભરાતા હતા. નળ ટપકતા હતા!! આવા મકાનમાં આપણા હાકેમ રહે તો આપણા ગરીબ રાપ્રટની ગ્લોબલ ઈમેજને ધબ્બા પડે તો ડિટર્જન્ટ પાવડર પણ ધોઇ ન શકે. એટલે ભારે હૈયે, વ્યથિત મને રાષ્ટ્રની આબરું જાળવી રાખવા માત્ર થોડા હજાર કરોડના ખર્ચે નવા મકાનો બનાવી રહ્યા છે!! આવા પુરુષાર્થની હકારાત્મક નોંધ લઈને બ્રિટનના પ્રધાનમંત્રીનું લકઝુરિયસ ફરીરનુમા સાદગીપૂર્ણ નિવાસસ્થાન બનાવો. તમે નાણામંત્રી હતા એટલે નાણાકીય ઔચિત્યના સવાલો ઉભા થશે.પણ પાઉન્ડની ચિંતા ન કરો. બધું થઇ રહેશે. જયહિન્દ . જય બ્રિટન!!!!

ભરત વૈષ્ણવ
૨૯.૧૧.૨૦૨૨.

# રાષ્ટ્રીય કામધેનુ આયોગ પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીયમંત્રી, શતકવીર રક્તદાતા ડો. વલ્લભભાઈ કથીરિયાનો 30 નવેમ્બરે જન્મદિન

"સેવા પરમો ધર્મ" અને "ગૌસેવા દ્વારા રાષ્ટ્ર સેવા" નાં મંત્રને જીવનમાં આત્મસાત કરી સમગ્ર દેશમાં ગૌચેતના જગાવી ગૌ સંસ્કૃતિનાં પુનઃસ્થાપન માટે રાત-દિવસ પરિશ્રમ કરતા રાષ્ટીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીયમંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયાના વ્યકિતગત જીવનમાં માનવસેવાને પ્રાધાન્ય આપી ૧૩૧ વાર સ્વયં રકતદાન કરી યુવા વર્ગને જોડી જનચેતનાનું અભૂતપૂર્વ ઉદાહરણ પુરૂ પાડયું છે. તબીબી વ્યવસાય સાથે સમાજસેવા ડો. કથીરિયાના જીવનનું અંગ બની રહયું. કિશોરવયથી આર.એસ.એસ.ના સંસ્કાર સિંચન અને અનેક સંતો-મહાનુભાવોના આશીર્વાદથી રાજનીતિનો જનકલ્યાણનાં શ્રેષ્ઠ માધ્યમ તરીકે ઉપયોગ કરનારા ડો. વલ્લભભાઈએ "ચેરીટી બીગીન્સ એટ હોમ" નાં સિધ્ધાંતને જીવનમાં સાર્થક કરી બતાવ્યું છે.જેતપુર તાલુકાનાં ખીરસરા ગામમાં ૩૦ નવેમ્બર ૧૯૫૪ નાં રોજ સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા ડો. કથીરિયા સંઘર્ષ કરી સ્વબળ અને બુધ્ધિ પ્રતિભાના આધારે હંમેશા અવ્વલ નંબરે ઉર્તિણ થઈ, જુના એસ.એસ.સી. બોર્ડમાં “સેન્ટર ફસ્ટ” રહી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ. અમદાવાદની બી. જે. મેડીકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ અને એમ.એસ.ની (સર્જરી) ડીગ્રી મેળવી કેન્સર સર્જરીના નિષ્ણાંત તરીકે રાજકોટમાં પ્રમાણિક, ઉમદા અને કર્મયોગી સર્જન તરીકે ખ્યાતી મેળવી. રાજનીતિમાં હોવા છતાં પણ દરિદ્ર નારાયણની સેવા માટે ગંભીર અને જોખમી ઓપરેશન કરીને પણ અનેક દર્દીઓના જાન બચાવવામાં ડો. કથીરિયા યશસ્વી અને સફળ રહયા છે.ડો. વલ્લભભાઈ કથીરિયા રાજકોટ લોકસભાની બેઠક પરથી ચાર-ચાર વખત ચૂંટાઈને તેમની લોકપ્રિયતા પૂરવાર કરી ચૂકયા છે. ૧૨મી લોકસભામાં ૩,૫૪,૯૧૬ મતથી દેશભરમાં સૌથી વધારે લીડથી ચૂંટાવાનો વિક્રમ ધરાવે છે. રાજકારણમાં રહીને પણ નખશીખ પ્રમાણિક રહી રાત-દિવસ જોયા વગર નાનાથી માંડી મોટા સૌ કોઈના કામ માટે સદા તત્પર ડો. કથીરિયાએ તેમના સહજ-સરળ અને નિખાલસ સ્વભાવથી લોકોના હદયમાં સ્થાન જાળવી રાખ્યું. ૧૯૭૫-૭૭ ની કટોકટી દરમિયાન જેલવાસ પણ ભોગવ્યો છે. નવનિર્માણ આંદોલનની જે.પી. મુવમેન્ટમાં જોડાવાનું સદભાગ્ય પણ ડો. કથીરિયા ધરાવે છે. તેઓ અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ જેવી કે રક્તદાન, વૃક્ષારોપણ, પર્યાવરણ અને દુષ્કાળમાં મેડીકલ અને કેટલ કેમ્પ , મોરબીની પુર આફત, કચ્છનો ભયાનક ભૂકંપ કે સૌરાષ્ટની જળ બચાવો અભિયાન, કૃષિ મેળા, આરોગ્ય મેળા, પુસ્તક મેળા વગેરે ડો. કથીરિયાના કાર્યના પર્યાય છે અને એટલે જ તો રાજકોટની જનતાએ તેમને" ચેકડેમ સાંસદ" અને " મેળાના માનવી’ તરીકે નવાજ્યા છે.માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડૉ. કથીરિયાની ગુજરાતની ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કામગીરીથી પ્રભાવિત થઈને સમગ્ર દેશમાં ગૌસેવાની પ્રવૃતિનો વ્યાપ વધે તે માટે માન. શ્રીનરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય કામધેનુ આયોગ બનાવી અલગ બજેટ ફાળવી રાષ્ટ્રીય કામધેનું આયોગના ચેરમેન પદે ડો. કથીરિયાને નિયુક્ત કર્યા હતા. આજે સમગ્ર દેશમાં ગુજરાત ગૌસેવા મોડેલ પ્રસ્થાપિત થાય તે માટે ડો. કથીરિયા ગૌઉપાસના, ગૌરક્ષા, ગૌસંવર્ધન, ગૌપાલન, અને ગૌ આધારિત કૃષિ, આરોગ્ય, પર્યાવરણ અને ગ્રામ્ય વિકાસ દ્વારા સ્વાવલંબી અને સંસ્કારી સમાજ રચનામાં અબાલ-વૃધ્ધ અને ગરીબ તવંગર સુધી સૌ કોઈ ગાયની સમજ કેળવે તે અર્થ સતત કાર્યરત રહી આમુલ પરિવર્તન માટે આજે સમગ્ર દેશમાં ગૌસેવા, ગૌ વિજ્ઞાનનું વાતાવરણ નિર્માણ પામે તે માટે અનેક રાજ્યોનો પ્રવાસકરી માર્ગદર્શન આપી રહયા છે.ડો. વલ્ભભાઈ કથીરિયાના ધર્મ પત્નિ કાન્તાબેન પણ સામાજીક ક્ષેત્રે અગ્રેસર રહી ડો.કથીરિયાની સેવા પ્રવૃતિમાં નિમિત્ત બની રહ્યા છે. તેઓ રાષ્ટ્ર સેવિકા સમિતિનાં સૌરાષ્ટ્ર પ્રાંતનાં સંપર્ક પ્રમુખ અને મહિલા સમન્વય સૌરાષ્ટ્ર પ્રાંતના સંયોજીકા તરીકે કાર્યરત છે. ડો. કથીરિયાના સુપુત્રી ડો. નિષ્ઠા અમદાવાદની ડેન્ટલ કોલેજમાં એન્ડો સર્જરીના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ તરીકે સેવા આપી રહ્યા છે તો જમાઈ ડો. કિરણ પટેલ સમગ્ર ગુજરાતમાં ફૈસિયો – મેકસીલરી ઈમ્પલાંટ સ્પેશ્યાલીસ્ટ તરીકે અગ્રેસર છે. ડ

ો. કથીરિયાના સુપુત્ર ડો. આત્મન રેડીયોલોજીસ્ટ અને પુત્રવધુ ડો. ઘટના પેથોલોજીસ્ટ તરીકે " નીયો ડાયગ્નોસ્ટીકસ “ નામે રાજકોટમાં અધતન સેન્ટર ચલાવી માનવ સેવાના યજ્ઞમાં આહુતિ આપી રહ્યા છે.ડો. કથીરિયાને જન્મદિને સ્નેહી-સંબધી, મિત્ર-તબીબી વર્તુળ, ભાજપા અને સંઘ પરિવાર તેમજ વિશાળ શુભેચ્છક સમુદાય તરફથી અભિનંદન અને શુભકામનાઓ મળી રહી છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી, રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં પૂર્વ ચેરમેન, ગૌવ્રતી, શતકવિર રક્તદાતા, ડો. વલ્લભભાઈ કથીરિયાનાં જન્મદિનની સેવામય ઉજવણી માટે વૃક્ષારોપણ, ગૌપૂજન-ગૌ સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં પ.પુ. પરમાત્માનંદ સરસ્વતીજી (સંયોજક, હિંદુ ધર્માચાર્ય મહાસભા)ની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ કાર્યક્રમનું આયોજન ૩૦ નવેમ્બર, બુધવારનાં રોજ સવારે ૮ થી ૯:૩૦ દરમિયાન શેણી મેમોરીયલ ટ્રસ્ટ (એનમલ હેલ્પલાઈન રોલ્સ્ટર), શ્રેયાંસ સ્કૂલ પાસે, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, શેઠનગર પછી તરત, પ્રિન્સેસ સ્કૂલનાં ગ્રાઉન્ડ પાછળ, જામનગર રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. સૌને મિત્રવર્તુળ, સહ પરિવાર સાથે પધારવા મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), ઘનશ્યામભાઈ ઠક્કર, ધિરેન્દ્ર કાનાબાર, ગૌરાંગભાઈ ઠક્કર, પ્રતિક સંઘાણી (મોઃ ૯૯૯૮૦ ૩૦૩૯૩) , રમેશભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, પારસભાઈ મહેતા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ડો. વલ્લભભાઈ કથીરિયા સાહેબને જન્મદિવસની શુભકામના આપવા માટે (મો. ૯૦૯૯૩ ૭૭૫૭૭) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# મહિલાઓ કપડાં વિના સારી લાગે છે...‘વાળા નિવેદન પર બાબા રામદેવે માફી માંગી

મુંબઇ,તા.૨૮



મહિલાઓ કપડાં વિના સારી લાગે છે...‘વાળા નિવેદન પર હોબાળો મચ્યા બાદ યોગ ગુરુ બાબા રામદેવે છેવટે લેખિતમાં માફી માંગી લીધી છે. તેમણે મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગને પોતાની માફીનામુ મોકલી દીધુ છે. મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ રૂપાલી ચાકનકરે આજે સવારે જ મીડિયાને આ અંગે માહિતી આપી હતી.

થાણેમાં બાબા રામદેવે એક કાર્યક્રમમાં મહિલાઓના કપડાને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યુ હતુ. જેના પર ખૂબ હોબાળો થયો હતો. અમૃતા ફડણવીસ સામે બાબા બોલ્યા... અમૃતા ફડણવીસ સામે બાબા બોલ્યા... નોંધનીય છે કે બાબા રામદેવે થાણેમાં એક કાર્યક્રમમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની પત્ની અમૃતા ફડણવીસની સામે મંચ પરથી કહ્યુ હતુ કે ‘મહિલાઓ અહીં ઘણી બધી સાડીઓ લાવી છે પરંતુ બેક ટુ બેક ઈવેન્ટ્સને કારણે તેઓ સાડી પહેરી શકી નથી. આગળવાળાને સાડી પહેરવાનો મોકો મળી ગયો, પાછળવાળાને તો પણ મોકો જ ન મળ્યો.‘

જો કોઈ આને ના પહેરે તો પણ સારી લાગે...‘ ‘જો કોઈ આને ના પહેરે તો પણ સારી લાગે...‘ આ પછી તેમણે કહ્યુ હતુ કે ‘તમે સાડી પહેરીને પણ સારા લાગો છો, તમે અમૃતાજી જેવા સલવાર સૂટમાં પણ સારા લાગો છો અને મારી જેમ જો કોઈ આને ના પહેરે તો પણ સારી લાગે છે, અમે તો લોકલજ્જા માટે પહેરીએ છીએ. બાળકોને તો કોણ કપડા પહેરાવતુ હતુ પહેલા, આપણે ૮-૧૦ વર્ષસુધી તો આમ જ નાગા ફરતા રહેતા હતા.‘ મહિલા આયોગના વડા સ્વાતિ માલીવાલે માફી માંગવા કહ્યુ જે બાદ બાબા રામદેવ લોકોના નિશાના પર આવ્યા હતા. દિલ્લી મહિલા આયોગના વડા સ્વાતિ માલીવાલે બાબાના નિવેદનની સખત નિંદા કરી અને તેમનો એક વીડિયો ટ્વીટ કરીને તેમને માફી માંગવા કહ્યુ. તેમણે ટ્વીટ કર્યુ હતુ કે, ‘મહારાષ્ટ્રના ઉપ મુખ્યમંત્રીની પત્ની સામે સ્વામી રામદેવ દ્વારા મહિલાઓ પર કરવામાં આવેલી ટિપ્પણી અભદ્ર અને નિંદનીય છે. આ નિવેદનથી તમામ મહિલાઓને દુઃખ થયુ છે, બાબા રામદેવજીએ આ નિવેદન માટે દેશની માફી માંગવી જોઈએ!‘ સંજય રાઉતે કર્યો સવાલ આ સિવાય તૃણમૂલ કોંગ્રેસના મહુઆ મોઈત્રા અને ઉદ્ધવ જૂથના નેતા સંજય રાઉતે પણ બાબા રામદેવના નિવેદનની નિંદા કરી હતી. રાઉતે એમ પણ પૂછ્યુ હતુ કે ‘બાબા રામદેવ તો ભાજપના પ્રચારક છે. હવે તેમના ગંદા અને નિંદનીય નિવેદન પર ભાજપ કેમ ચૂપ છે? શું તેમણે પોતાની જીભ દિલ્લી પાસે ગીરવે મુકી છે?‘

### હિંદુ જનજાગૃતિ સમિતિ દ્વારા ‘વિશેષ સંવાદ’ !

# ઝાકિર નાઈકને આશ્રય આપનારા કતારને ભારતે પ્રત્યુત્તર આપવાનો સમય પાકી ગયો છે ! - ધારાશાસ્ત્રી સતીશ દેશપાંડે

‘ફિફા ફુટબૉલ વિશ્વકપ’નું આયોજન કરનારા કટ્ટર ઈસ્લામી દેશ કતારમાં સર્વ ઈસ્લામી પરંપરાઓનું પાલન કરવામાં આવે છે. કતારે આ વર્ષના વિશ્વકપને ધાર્મિક રંગ આપ્યો છે. વિશ્વકપનો આરંભ થાય તે પહેલાં કતારમાં ૫૦૦ થી વધુ નાગરિકોનું ઈસ્લામમાં ધર્માંતર કર્યું હોવાના સમાચાર છતાં થઈ રહ્યા છે. ભારતે આતંકવાદી તરીકે ઘોષિત કરેલા ઝાકીર નાઈકને વર્તમાનમાં કોઈપણ દેશ આશ્રય ન દેતો હોય, ત્યારે જ કતારે આશ્રય આપ?યો છે. એ જ કતારે હિંદુ દેવી-દેવતાઓનું વિડંબન કરનારા વિવાદિત ચિત્રકાર મકબૂલ ફિદા હુસેનને પણ આશ્રય આપ્યો હતો. તેમજ કતારે નુપૂર શર્મા પ્રકરણમાં ભારતને કઠોર વેણ કહ્યા હતા. ભારતે જયારે આ પ્રશ્ન ઉપસ?થિત કર્યો ત્યારે ‘અમે ઝાકીર નાઈકને બોલાવ્યા નથી’ એવો ‘રાજકીય ઉત્તર’ કતારે આપ્યો છે. ઝાકીર નાઈકને આશ્રય દેનારા કતારનો ભારત વિરોધી ઈતિહાસ જોતાં કતારને કેવી રીતે પ્રત્યુત્તર આપવો, એ ભારતે નક્કી કરવાનો સમય હવે પાકી ગયો છે, એવું સ્પષ્ટ પ્રતિપાદન ઈતિહાસ અને સંસ્કૃતિ



અભ્યાસક અને લેખક ધારાશાસ?ત્રી સતીશ દેશપાંડેએ કર્યું. હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત ‘ફિફા ફુટબૉલ વિશ્વકપમાં જેહાદી ઝાકીર નાઈક શા માટે આમંત્રિત ’ આ ‘ઑનલાઈન’ વિશેષ સંવાદમાં તેઓ બોલી રહ્યા હતા. સુદર્શન ન્યૂઝના ‘ચૅનલ હેડ’ શ્રી. મુકેશ કુમારે કહ્યું કે, ઝાકીર નાઈકને કટ્ટર ઈસ્લામી દેશ કતારે ફિફા ફુટબૉલ વિશ્વકપના આયોજન કાર્યક્રમમાં બોલાવ?યો. ‘ફુટબૉલ આ રમત ઈસ્લામ અનુસાર ‘હરામ’ છે !’ આ ૪ વર્ષ પહેલાં ઝાકીર નાઈકે કહ્યું હતું; તેમજ તેણે તે સમયે ફુટબૉલ રમવા માટે, જોવા માટે પણ મનાઈ કરી હતી. ઝાકીર નાઈકે તે સમયે મલેશિયામાં આશ્રય લીધો હોવાથી વર્ષ ૨૦૧૭ થી ભારત સરકાર તેને પોતાના નિયંત્રણમાં લેવા માટે પ્રયત્નશીલ છે. ઝાકીર નાઈકના વિરોધમાં વર્ષ ૨૦૧૯ માં ચાર્જશીટ પ્રવિષ્ટ થઈ છે અને તેના વિરોધમાં ‘રેડ કૉર્નર નોટિસ’ પ્રવિષ્ટ થાય, તે માટે ભારત પ્રયત્ન કરી રહ્યો છે. હવે ઝાકીર નાઈકે મલેશિયામાંથી કતાર ખાતે સ્થાનાંતર કર્યા પછી કતાર ભલે તેને બચાવવાનો પ્રયત્ન કરે, છતાં તે વધુ સમય બચાવી શકશે નહીં. હિંદુ જનજાગૃતિસમિતિના પ્રવક્તા શ્રી. સતીશ કોચરેકરે કહ્યું કે, ઝાકીર નાઈકે વિવિધ કાર્યક્રમોમાં અત્યંત હીન સ્તર પર જઈને હિંદુદેવી-દેવતાઓની ટીકા કરીનેઅપમાન કર્યું છે. હિંદુ જનજાગૃતિ સમિતિ સહિત વિવિધ હિંદુ સંગઠનોના વિરોધને કારણે ઝાકીર નાઈકને ભારત બહાર પલાયન કરવું પડ્યું. ‘ઈસિસ’ જેવી આતંકવાદી સંગઠનોના અનેક આતંકવાદીઓએ ઝાકીરના ભાષણોને કારણે પ્રેરણા મળી, આ છેઢ્યોક સ્વીકાર્યુંછે. સદર અંતરરાષ્ટ્રીય આતંકવાદીને ફિફા ફુટબૉલ વિશ્વકપ માટે બોલાવનારા કતારનો અમે ભારતીય નાગરિકોના વતીથી ધિક્કાર કરીએ છીએ.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે,
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ.
સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬

# દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આજે કચ્છના અંજાર ખાતે જાહેર સભા સંબોધી

**૨૦૨૨ની ચૂંટણી મહત્વપુર્ણ છે તેમાં પાંચ વર્ષનો નહી ૨૫ વર્ષનો નિર્ણય કરવાનો છે.**
**કોંગ્રેસ એટલે કચ્છની ઘોર દુશ્મન,કચ્છની પહેલી પ્રાથમિકતા પાણી હતી અને કચ્છમાં પાણી ન પહોંચે તે માટે ખેલ કરતા હતા તેમની જોડે દોસ્તી કરી.**
**જેમ મનુષ્યના આધાર કાર્ડ કઢાયા છે તેમ પશુઓને નંબર આપવાનું કામ કર્યુ છે અને તેમની માવજત કરવાનું કામ કર્યુ.**
**ટુરિઝમ આવે એટલે કચ્છની આવક વધે. કચ્છમાં ત્રણ મહિનામાં પાંચ લાખ ટુરિસ્ટ આવે છે.**
**આ કંડલામાં ૨૫ વર્ષ પહેલા સાત કરોડ રૂપિયાનું એક્સપોર્ટ થતું, આજે ત્યાથી ૯ હજાર કરોડ રૂપિયાનું એક્સપોર્ટ થાય છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના વડાપ્રધાન અને ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શક શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આજે કચ્છના અંજાર ખાતે જાહેર સભા યોજી વધુમાં વધુ મતદાન થકી ભાજપને જીતાડવા આહવાહન કર્યુ હતું.

શ્રી મોદી સાહેબે અંજારની ધરતીથી કચ્છના મારા ભાઇ-બહેનોને રામ રામ... કરતા સંબોધનની શરૂઆત કરી. કચ્છની ધરતી કર્તવ્ય અને કૌશલ્યની ધરતી છે. આ સંકલ્પ અને ઇચ્છાશક્તિની ધરતી છે. ૨૦૦૧માં જ્યારે કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે કચ્છ સહિત આખુ ગુજરાતના જીલ્લા અને ગામ તબાહીના શિકાર બન્યા લોકો કહેતા કે કચ્છ મોતની ચાદર ઓઢીને સુતુ છે આ કચ્છ ફરી બેઠુ નહી થાય આ કચ્છની ખમીરવંતી પ્રજા અને સરકારની નીતીની જુંગલબંદીએ ફરી કચ્છ તેજ ગતીથી દોડે છે. દેશની આઝાદીના ૧૦૦ વર્ષ થાય ત્યારે ભારત વિકસીત હોય તેવો સંકલ્પ છે. ૨૦૨૨ની ચૂંટણી મહત્વપુર્ણ છે તેમાં પાંચ વર્ષનો નહી ૨૫ વર્ષનો નિર્ણય કરવાનો છે. કચ્છના લોકોને ભરોસો જ નોહતો કે કોણ આવશે જે નર્મદાનું પાણી પહોંચાડશે. વિપરીત વાળામાં વાતારણમાં પણ નર્મદા માતાના નીર પહોંચે છે. આજે કચ્છ પાણીદાર બન્યું છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસ એટલે કચ્છની ઘોર દુશ્મન.કચ્છની પહેલી પ્રાથમિકતા પાણી હતી અને કચ્છમાં પાણી ન પહોંચે તે માટે ખેલ કરતા હતા તેમની જોડે દોસ્તી કરી. કચ્છને પાણી ન મળે તે માટે ષડયંત્ર થતું રોડા અટકાવવાનું કામ થતું. આ તમારો દિકરો ગાંધીનગર બેઠો અને ઉપવાસ પર બેસી ડેમની ઉંચાઇ વધારવા લડત કરી અને પાણી પહોંચાડ્યુ. ભાજપ માત્ર વાતો નથી કરતું, એક વાર કહીએ તો કામ કરીને જ રહીએ. આજે કચ્છ દાડમ,ખૂજર,કમલમ,કચ્છની કેરી,એક્સપોર્ટ કરતું થયું. આજે કચ્છની ખેતપેદાવર દુનિયામાં ડંકો વાગાડી રહી છે. ૨૦૨૩માં આખી દુનિયા મોટા અનાજના વર્ષની ઉજવણી કરશે અને બાજરી,જુવાર અને રાગીનો ડંકો વાગશે.સરકારે પશુપાલકોને થતા રોગચાળાને અટકાવવા ૧૪ હજાર કરોડ રૂપિયા ખર્ચવાનું નક્કી કર્યુ છે. જેમ મનુષ્યના આધાર કાર્ડ કઢાયા છે તેમ પશુઓને નંબર આપવાનું કામ કર્યુ છે અને તેમની માવજત કરવાનું કામ કર્યુ. શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, કચ્છમાં આજે પર્યટનનો વિકાસ થયો છે. કેટલી નવી સંભાવનાવો પડી છે અને આજે આખુ રાજસ્થાન જોવા જેટલો સમય લાગે તેના કરતા વધુ દિવસ કચ્છ જોવા માટે લાગે . કચ્છમાં વધુમાં વધુ ટુરિસ્ટ આવે તે માટે કામ કરવામાં આવી રહ્યું છે. આજે કચ્છમાં પજી આવી ગયું છે. ટુરિઝમ આવે એટલે કચ્છની આવક વધે. કચ્છમાં ત્રણ મહિનામાં પાંચ લાખ ટુરિસ્ટ આવે છે. સ્મૃતિવન એટલે આ ભુજિયા ડુંગર એક જમાનામાં સુકો ભટ્ટ હતો પરંતુ મોદી સરકારના વિઝનથી ભુજને કચ્છને નવું ફેક્સુ મળ્યું છે. સ્મૃતીવન જીવનદાઇત્વ બને તેટલું મોટુ જંગલ બનાવ્યું છે અત્યાર સુધીમાં એક લાખ લોકો મુલાકાત કરી છે. કચ્છના કેટલાક વિસ્તારોમાં મુંબઇમાં જે ચોરસ ફુટના જમીનના જે ભાવ હોય તેના કરતા વધુ ભાવ છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, આ કંડલા ૨૫ વર્ષ પહેલા સાત કરોડ રૂપિયાનું એક્સપોર્ટ થતું, આજે ત્યાથી ૯ હજાર કરોડ રૂપિયાનું એક્સપોર્ટ થાય છે. મુંદ્રા દેશના કાર્ગો હેન્ડલીંગમાં નંબર એક પર પહોંચ્યુ છે. ગ્રીન હાઇડ્રોડનથી ભવિષ્યમાં કોર ચાલવાની છે અને ગ્રીન હાઇડ્રોજનનું મોટુ હબ કચ્છમાં બનાવાનું છે. આ વખતની ચૂંટણીમાં પોલીંગ બુથમાં ઐતિહાસીક મતદાન કરી ભાજપને જંગી મતોથી જીતાડજો તેમ વિનંતી કરી.

જાહેરસભામાં પ્રદેશના મહામંત્રીશ્રી વિનોદભાઇ ચાવડા, પુર્વમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાં, પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી મહેન્દ્રભાઇ પટેલ,કચ્છના પ્રભારીશ્રી હિતાશભાઇ ચૌધરી,કચ્છ જિલ્લાના મહામંત્રીશ્રી શિતલભાઇ શાહ,જીલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી પારુલબેન તથા ઉમેદવારશ્રીઓ શ્રી પદ્યુમન જાડેજા,શ્રી અનીરુદ્ધ દવે,કેશુભાઇ પટેલ,શ્રી ત્રિકમભાઇ છાંગા,શ્રી માલતીબેન મહેશ્વરી,શ્રી વીરેન્દ્રસિંહ જાડેજા સહિતન પ્રદેશ અને જિલ્લાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ડો યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)



હા, હું મતદાર છું.
હા, હું મતદાર છું.
વ્યવસ્થા કે રાજકારણીઓ નહીં પણ,
મારાં યોગક્ષેમ નો હું કર્ણધાર છું.
હા, હું મતદાર છું.
ઓછાં ખરાબ ને હું ચૂંટવાનો,
મારાં ભવિષ્ય માટે હું સૂત્રધાર છું.
હા, હું મતદાર છું.
સરહદ પર નહીં તો બૂથ સુધી જઈશ,
લોકશાહીનો હું સીપેહસલાર છું.
હા, હું મતદાર છું.
જ્ઞાતિ,ધર્મ,લોભ, ભય અને પક્ષથી ઉપર ઉઠીશ,
માતૃભૂમિને જ હું વફાદાર છું.
હા, હું મતદાર છું.
પાંચ વર્ષે એક જ દિવસનો છું હું રાજા,
આગામી ૫ વર્ષ માટે હું જવાબદાર છું.
હા, હું મતદાર છું.
મતદાન એ ધર્મ ને હક્ક છે મારો,
મત આપી માઁ નું ઋણ ઉતારનાર છું.
હા, હું મતદાર છું.

### બેંગ્લોરમાં ગુજરાતી યુવાન હેવાન બન્યો

# બે વર્ષની દીકરીને જોરથી ગળે વળગાવી જીવ કાઢી નાંખ્યો, લાશ સાથે પોતે તળાવમાં છલાંગ લગાવી

## બચી ગયેલા યુવકે પોલીસને કહ્યું- ખાવાના પૈસા નહોતા, દેવાંથી પરેશાન હતો

બેંગલુરૂ,તા.૨૮

મૂળ ગુજરાતના અને બેંગલુરુમાં ટેક્નિશિયન તરીકે કામ કરતા યુવાને પોતાની ૨ વર્ષની દીકરીની હત્યા કરી દીધી. તેણે પોલીસને બતાવ્યું કે તેની પાસે દીકરીને ખવડાવાના પૈસા નહોતા. દીકરીનો જીવ લીધા પછી તેણે આત્મહત્યાની કોશિશ કરી, પરંતુ તે બચી ગયો. ઘટના ૧૫ નવેમ્બરની છે. બાળકીનો મૃતદેહ ૧૬ નવેમ્બરના કોલારના કેન્દટ્ટી ગામના તળાવમાંથી મળ્યો. આ તળાવને કિનારે પોલીસને એક વાદળી રંગની કાર મળી. આ જોઇ ગામના લોકોએ કોલાર પોલીસને સૂચના આપી. આ સૂચનાના આધારે પોલીસે પિતાની તપાસ શરૂ કરી, ત્યારબાદ ૧૯ નવેમ્બરના બેંગલુરુ રેલવે સ્ટેશનથી આરોપી પિતાને ઝડપી લેવામાં આવ્યો.આરોપીની ઓળખ ૪૫ વર્ષીય રાહુલ પરમારના નામથી થઇ છે. તે ગુજરાતનો રહેવાસી છે અને બે વર્ષ પહેલાં પોતાની પત્ની ભવ્યાની સાથે બેંગલુરુ શિફ્ટ થયો હતો. ૧૫ નવેમ્બરથી તે પોતાની દીકરી સાથે ગુમ હતો, જેની ફરિયાદ તેની પત્નીએ પોલીસ સ્ટેશનમાં આપી હતી.

રાહુલે પોલીસને બતાવ્યું કે તે દીકરીને સ્કૂલે લઇ જવાના બહાને ઘરેથી નીકળ્યો હતો. તે પોતાને મારવા ઇચ્છતો હતો, પરંતુ દીકરી સાથે હોવાથી તે નિર્ણય ન લઇ શક્યો. તે આખો દિવસ બેંગલુરુ અને કોલારની આસપાસ ચક્કર લગાવતો હતો. સાંજે તળાવની પાસે કાર રોકીને ઘણી વાર સુધી વિચારતો રહ્યો કે શું કરવું જોઇએ. તેણે ઘરે પાછા વળવા માટે પણ વિચાર્યું, પરંતુ તેને ડર સતાવતો હતો કે જો તે ઘરે પરત ફરશે તો લેણદારો તેને પરેશાન કરશે. તળાવની પાસેની એક દુકાનમાંથી પોતાની દીકરી માટે ચોકલેટ અને બિસ્કિટ ખરીદ્યા. પરંતુ દીકરી બપોરથી ભૂખી હતી, તેથી તે રડતી હતી. રાહુલની પાસે બાળકીને ખવડાવવાના પૈસા નહોતા. એટલા માટે તેણે દીકરીની સાથે જ જીવ આપવાનો ફેંસલો કર્યો.

પહેલાં તે બહુ વાર સુધી દીકરી સાથે રમતો રહ્યો. પછી ઘણી વાર સુધી ગળે લગાડતો રહ્યો. ગળે લગાવતા બાળકીનો શ્વાસ રૂંધાવા લાગ્યો રહ્યો. બાળકીનો જીવ નીકળી ગયો. તે બાળકીના શબની સાથે તળાવમાં કૂદી પડ્યો, પરંતુ તે બચી ગયો. ત્યાર બાદ તેણે ટ્રેન નીચે પડતું મૂકીને જીવ આપવાનું વિચાર્યું. તે બેંગલુરુ રેલવે સ્ટેશન પહોંચ્યો, જ્યાં બીજે દિવસે પોલીસે તેને પકડી લીધો.

પોલીસના જણાવ્યા અનુસાર રાહુલ છેલ્લા ૬ મહિનાથી બેરોજગાર હતો અને તેને પોતાના બિટકોઇન ધંધામાં પણ ભારે નુકસાન થયું હતું. તેણે પોતાના બેંગલુરુના ઘરમાંથી સોનાનાં ઘરેણાં ચોરી થયાની ફરિયાદ પણ નોંધાવી હતી. તે સતત પોલીસ સ્ટેશન જઇને મામલાની જાણકારી લેતો હતો.રાહુલ ૬ મહિનાથી બેરોજગાર હતો. તેણે ઘરમાંથી સોનાના દાગીના ગીરવે મુક્યા હતા અને દાગીના ચોરાઇ ગયાની ખોટી પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસની તપાસ પૂરી થવા પછી ખબર પડી કે રાહુલે જાતે જ પોતાના ઘરમાંથી દાગીના ચોર્યા હતા અને તેને ગીરવે મુક્યા હતા. ત્યારબાદ પોલીસમાં ખોટી ફરિયાદ લખાવી હતી.

### ચી ભડકે બળી રહ્યું છે

# શી જિનપિંગને હટાવવા માટેના નારા લાગ્યા અનેક મોટા શહેરોમાં મોટેપાયે બળવો!

## પોલીસ પ્રદર્શનકારીઓને રોકવામાં લાગી છે પરંતુ સ્થિતિ બેકાબૂ બની રહી છે



બીજીંગ,તા.૨૮

ચીનમાં વધતા કોરોના વાયરસના કેસ વચ્ચે લોકડાઉન લગાવવામાં આવતા જ લોકો ભડકી ગયા છે. ચીનના અનેક શહેરોમાં લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા છે અને શી જિનપિંગની સરકાર સામે પ્રદર્શન કરી રહ્યા છે. ચીની નાગરિકોને તેમના રાષ્ટ્રપતિ શી જિનપિંગની કડક ઝીરો કોવિડ પોલીસી જરાય પસંદ આવી રહી નથી. હજારો પ્રદર્શનકારીઓ રસ્તાઓ પર ઉતર્યા છે અને પોલીસનો સામનો કરી રહ્યા છે. પોલીસ પ્રદર્શનકારીઓને રોકવામાં લાગી છે પરંતુ સ્થિતિ બેકાબૂ બની રહી છે. ચીનમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ વિરુદ્ધ નારા લાગી રહ્યા છે. મળતી માહિતી મુજબ બેઇજિંગ, અને શાંઘાઇ સહિત ચીનના અનેક શહેરોમાં કોવિડ-૧૯ના કારણે લગાવવામાં આવેલા લોકડાઉનનો વિરોધ થઇ રહ્યો છે. શાંઘાઇમાં તો જ્યારે હજારો પ્રદર્શનકારીઓ રસ્તાઓ પર ઉતર્યા તો પોલીસે તેમની સાથે કડકાઇ આચરી. અનેક લોકોને પોલીસની કારોમાં બાંધી દેવાયા. બેઇજિંગ અને નાનજિંગ સહિત અન્ય જગ્યાઓ પર પણ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં પ્રદર્શન કર્યા.

રિપોર્ટ મુજબ ચીનના નોર્થ-વેસ્ટ શહેર ઉરુમકીમાં પણ વિરોધ પ્રદર્શન બાદ અશાંતિ છે. અહીં એક ટાવર બ્લોકમાં આગ લાગવાના કારણે ૧૦ લોકોના મોત થઇ ગયા. લોકો આ માટે લોકડાઉનને જવાબદાર ઠેરવી રહ્યા છે. જો કે ચીની અધિકારીઓ આ વાતનો ઈંકાર કરે છે કે કોવિડ પ્રતિબંધોના કારણે લોકોના મોત થયા.

અત્રે જણાવવાનું કે શનિવારે રાતે શાંઘાઈમાં પણ મોટું વિરોધ પ્રદર્શન થયું. પ્રદર્શનકારીઓએ અહીં ખુલ્લેઆમ 'શી જિનપિંગ, પદ છોડો' અને 'કમ્યુનિસ્ટ પાર્ટી સત્તા છોડો' ના નારા લગાવ્યા. પ્રદર્શનકારીઓના હાથમાં બેનરો પણ હતા. નોંધનીય છે કે ચીનમાં આ પ્રકારનું પ્રદર્શન અને શી જિનપિંગ વિરુદ્ધ ખુલ્લેઆમ નારા લગાવવા એ સામાન્ય વાત નથી. ચીનમાં સરકાર અને રાષ્ટ્રપતિની સીધી આલોચના કરવા બદલ કડક સજા થાય છે.

રિપોર્ટ મુજબ ચીની સરકાર વિરુદ્ધ નારા લગાવનારાઓને પોલીસ શોધી રહી છે. જો કે લોકડાઉનના કારણે ચીનના અનેક શહેરોમાં નાગરિકો ગુસ્સામાં છે અને રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. કોવિડ પ્રતિબંધોથી નારાજ લોકોએ હાલમાં જ ઝેંગ્ઝોથી ગ્વાંગઝૂ સુધી હિંસક વિરોધ પ્રદર્શન પણ કર્યું.

# ફટકારી બેવડી સદી, એક જ ઓવરમાં ૭ સિક્સર ફટકારીને બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ



મુંબઇ,તા.૨૮

વિજય હજારે ટ્રોફીમાં ઋતુરાજ ગાયકવાડે શાનદાર પ્રદર્શન કર્યું છે. ક્વાર્ટર ફાઈનલ મેચમાં મહારાષ્ટ્રના કેપ્ટન ઉત્તર પ્રદેશ વિરુદ્ધ બેવડી સદી ફટકારી હતી. ગાયકવાડે લિસ્ટ એ કરિયરમાં પ્રથમ વખત બેવડી સદી ફટકારી છે.

ઋતુરાજ ગાયકવાડે પોતાની બેવડી સદીમાં કુલ ૧૬ સિક્સ અને ૧૦ ચોગ્ગા ફટકાર્યા છે. મતલબ કે, જમણા હાથના આ ઓપનરે ૧૩૬ રન તો સિક્સ અને ચોગ્ગાથી જ કર્યા છે.

ઋતુરાજે પોતાની બેવડી સદી શાનદાર રીતે ફટકારી છે. ૪૯મી ઓવરમાં ગાયકવાડે સતત ૭ સિક્સ ફટકારી છે. તેમણે એક જ ઓવરમાં ૪૨ રન બનાવ્યા છે. તમને જણાવી દઈએ કે, એક બોલ નો બોલ પર તેણે સિક્સ ફટકારી હતી.

તેમને જણાવી દઈએ કે, ૪૯મી ઓવર શિવા સિંહે ફેંકી હતી અને પ્રથમ ૪ બોલ પર ગાયકવાડે સિક્સ ફટકારી હતી. ત્યારબાદ શિવા સિંહે પાંચમો બોલ નો બોલ નાંખ્યો અને તેના પર ગાયકવાડે સિક્સ ફટકારી હતી. ત્યારબાદ પાંચમી અને છઠ્ઠી ઓવરમાં પણ ગાયકવાડે સિક્સનો વરસાદ કર્યો હતો. તેણે એક ઓવરમાં જ ૭ સિક્સ ફટકારી હતી.

ક્રિકેટના ઈતિહાસમાં આવુ પ્રથમ વખત થયું જ્યારે કોઈ ખેલાડીએ એક જ ઓવરમાં ૭ સિક્સ ફટકારી હોય. બીજી બાજુ શિવા સિંહ એક જ ઓવરમાં સૌથી વધુ ૪૩ રન આપનાર બોલર બની ગયો છે. આ પહેલા આ રેકોર્ડ ફાસ્ટ બોલર જેમ્સ ફુલરના નામ પર હતો. જેમણે એક જ ઓવરમાં ૩૮ રન આપ્યા હતા.

## ગેસ્ટ્રિક કેન્સર ભારતમાં કેન્સરથી થતા મૃત્યુનું છઠ્ઠા ક્રમનું મુખ્ય કારણ છે. જ્યારે આપણા દેશમાં મીડિયાનું ધ્યાન સ્તન કેન્સર અને મોઢાના કેન્સર દ્વારા પ્રભુત્વ ધરાવે છે, ત્યારે નવેમ્બર મહિનો પેટના કેન્સર વિશે પણ જાગૃતિ લાવવાની ઉમદા તક રજૂ કરે છે

ગેસ્ટ્રિક કેન્સર ભારતમાં કેન્સરથી થતા મૃત્યુનું છઠ્ઠા ક્રમનું મુખ્ય કારણ છે. જ્યારે આપણા દેશમાં મીડિયાનું ધ્યાન સ્તન કેન્સર અને મોઢાના કેન્સર દ્વારા પ્રભુત્વ ધરાવે છે, ત્યારે નવેમ્બર મહિનો પેટના કેન્સર વિશે પણ જાગૃતિ લાવવાની ઉમદા તક રજૂ કરે છે.



ડૉ. વિરાજ લવિંગિયા, HCG કેન્સર સેન્ટર, અમદાવાદના GI મેડિકલ ઓંક્રોલોજીના ડિરેક્ટરે જણાવ્યું કે "આપણા દેશમાં દર વર્ષે ગેસ્ટ્રિક કેન્સરના ૬૦,૦૦૦ નવા કેસોનું નિદાન થાય છે, તેમાંથી ૨૦%થી ઓછા સાજા થાય છે. આ અંધકારમય પરિણામ એ હકીકતને કારણે છે કે અમારી પાસે આવતા મોટાભાગના દર્દીઓ નિદાન સમયે જ જટિલ રોગ અથવા સ્ટેજ ૪ ધરાવતા હોય છે, પરંતુ નવી કીમોથેરાપ્યુટિક દવાઓએ તેમના જીવનની ગુણવત્તામાં સર્વોચ્ચ સુધારો કર્યો છે, તેમ છતાં, તેમનો સંપૂર્ણ ઈલાજ સર્વશ્રેષ્ઠ રીતે સાધારણ રહે છે.

MSI (માઈક્રોસેટેલાઈટ ઈનસ્ટેબિલીટી) એ આનુવંશિક અતિસંવેદનશીલતાની સ્થિતિ છે જે માનવ શરીરમાં નિષ્ક્રિય ડીએનએ રિપેર મિકેનિઝમ્સનું પૂર્વગ્રહ છે. પરંતુ તે એ પણ આગાહી કરે છે કે વ્યક્તિને ઇમ્યુનોથેરાપી જેવી નવી કેન્સર થેરાપીઓથી વધુ ફાયદો થવાની શક્યતા છે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં કેન્સર ઇમ્યુનોથેરાપી ખરેખર એક નોંધપાત્ર શોધ છે. જ્યારે યોગ્ય વ્યક્તિઓને આપવામાં આવે છે, ત્યારે ઇમ્યુનોથેરાપી કેન્સરને સંપૂર્ણપણે નાબૂદ કરવાની ક્ષમતા ધરાવે છે. મેમોરિયલ સ્લોન કેટરિંગ કેન્સર સેન્ટર (MSKCC) ખાતે, રેક્ટલ કેન્સરના તે દર્દીઓ કે જેમની ઇમ્યુનોથેરાપીથી સારવાર કરવામાં આવી હતી તેમની સફળતાનો દર ૧૦૦%નો આશ્ચર્યજનક હતો. અને આ પ્રકાર ના દર્દીઓ માં એકસરખા પરિણામો મળ્યા છે.

"તમને માત્ર એક MSI-ઉચ્ચ દરજ્જાની જરૂર છે, અને તમને આ લડાઈ માં મોટા પ્રમાણ માં ફાયદાકારક થશે. ઈમ્યુનોથેરાપી સાથે MSI-H દર્દીઓની સારવાર કરવાથી તેમને લાંબા ગાળાના અસ્તિત્વની ઉત્તમ તક મળે છે, સ્ટેજ ૪ માં પણ. હું હજુ પણ જોઉં છું કે પેટના કેન્સરના દર્દીઓને ક્લિનિક્સમાં MSI માટે નિયમિતપણે પરીક્ષણ કરવામાં આવતું નથી.

હું દરેકને વિનંતી કરું છું કે તમારી કેન્સર સારવારની યાત્રા શરૂ કરતા પહેલા પણ આ ટેસ્ટ કરાવી લો.

આ ચોક્કસપણે જીવનને વર્ષો અને જીવનમાં વર્ષો ઉમેરવા માટે નવા રસ્તાઓ ખોલી શકે છે', ડૉ વિરાજ લવિંગિયાએ જણાવ્યું હતું.

## સોમાલિયામાં રાષ્ટ્રપતિ ભવન પાસે આતંકવાદી હુમલોઃપર્યાવરણ મંત્રી થોડાક માટે બચ્યા, એક દિવસ પહેલાં સેનાએ ૧૦૦ આતંકવાદીઓ માર્યા હતા

મોગાદિશ,તા.૨૮

સોમાલિયાની રાજધાની મોગાદિશુમાં રવિવારની સાંજે એક હોટલમાં આતંકવાદીઓએ હુમલો કર્યો.

આ હુમલાની જવાબદારી આતંકવાદી સંગઠન અલ-શબાબે લીધી છે. આ હુમલો રાષ્ટ્રપતિ ભવનની પાસે વિલા રોઝ હોટલમાં થયો છે. આ હુમલામાં પર્યાવરણ મંત્રી હિરસી થોડાક માટે બચ્યા. કેટલાય મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે આંતરિક સુરક્ષા મંત્રી મોહમ્મદ અહમદ ઘાયલ થઈ ગયા છે.

હકીકતમાં શનિવારે જ દેશની મિલિટરીએ અલ-શબાબના ઠેકાણાઓ પર એર સ્ટ્રાઇક કરી હતી અને ૧૦૦ આતંકવાદીને મારી નાખ્યા હતા, એવામાં માનવામાં આવે છે કે બદલો લેવા માટે ફરીથી હોટલ પર હુમલો થયો છે.એક મહિનામાં આ બીજો મોટો આતંકવાદી હુમલો છે.

આની પહેલાં ૨૯ ઓક્ટોબરે બે કારમાં ધમાકા થયા હતા, જેમાં ૧૦૦ લોકોનાં મોત અને ૩૦૦ લોકો ઘાયલ થયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, આ હોટલમાં વધારે મંત્રી અને સરકારી અધિકારીઓ રોકાય છે. અહીં રવિવાર સાંજે અચાનક વિસ્ફોટ થયો અને ગોળીબાર થયો. ઘણા અધિકારીઓ હજી ફસાયેલા છે. જોકે હજી સુધી એ સ્પષ્ટ નથી થયું કે હોટલમાં કેટલા આતંકવાદીઓ ઘૂસ્યા છે. પરંતુ કેટલાક આતંકવાદીઓ હોવાની સંભાવના છે.

પોલીસે હોટલમાંથી મોટી સંખ્યામાં લોકોને બહાર નિકાળ્યા છે. જોકે હજુ પણ કેટલાક લોકો ફસાયેલા છે. આતંકવાદીઓને મારવા માટે પોલીસની સાથે-સાથે કેટલીક સ્પેશિયલ એજન્સીઓ પહોંચી ગઈ છે.

## અમેરિકામાં વીજળીના તારોમાં પ્લેન અથડાયું :૯૦ હજાર ઘરોની વીજળી ડૂલ થઇ, બે લોકો ઘાયલ

વોશિંગ્ટન,તા.૨૮

અમેરિકાના મરીલેન્ડમાં એક ચોંકાવનારી ઘટના બની. અહીં એક પ્લેન વીજળીના ટાવર સાથે અથડાયું અને તારોમાં ફસાઇ ગયું. આ દરમિયાન પ્લેનમાં બે લોકો હતા, જે ઘાયલ થયા. ઘટના બાદ વિસ્તારમાં લાઇટ ડૂલ થઇ ગઇ. દુર્ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થઇ રહ્યો છે. જેમાં જોવા મળે છે કે એક પ્લેન વીજળીના તારોમાં અટકાયેલું છે. પ્લેનમાં રહેલા બંને વ્યક્તિઓને સુરક્ષિત બહાર નિકાળવા માટે રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવ્યું. આ તસવીરમાં પ્લેન જમીનથી લગભગ ૧૦૦ ફૂટની ઊંચાઇએ તારાઓમાં અટવાયેલું જોવા મળે છે.

ઘટના મેરીલેન્ડ સ્ટેટના ગૈથર્સબર્થ શહેરમાં બની. એક ઓફિસર સ્કોટ ગોલ્ડસ્ટાઇને કહ્યું- રવિવાર એટલે કે ૨૭ નવેમ્બરે સાંજે આશરે ૫.૪૦ વાગે એક સિંગલ એન્જિન પ્લેન દુર્ઘટનાનું શિકાર થઇ ગયું. વિમાન ન્યૂયોર્કના વ્હાઇટ પ્લેન્સ વિસ્તારમાંથી ઊડ્યું હતું. થોડાક સમય બાદ તે મોન્ટગોમેરી કાઉન્ટી એરપાર્કમાં વીજળીના ટાવર સાથે અથડાઇ ગયું.

વિમાન યુટિલિટી કંપની પેપકોની ટ્રાન્સમિશન લાઇનમાં ફસાઇ ગયું હતું. કંપનીએ કહ્યું કે તેઓ જલ્દીથી વીજળી પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તેમણે કહ્યું-અમને દુર્ઘટના પછી સૂચના મળી. પોલીસની ટીમ તરત જ દુર્ઘટના સ્થળે પહોંચી ગઇ. અમે જોયું કે એક પ્લેન જમીનથી આશરે ૧૦૦ ફૂટની ઊંચાઇએ તારોમાં ફસાયેલું છે. પ્લેનમાં વોશિંગ્ટનમાં રહેનાર ૬૫ વર્ષના પાઇલટ પૈટ્રિક મર્કલ અને લુઇસિયાનામાં રહેનાર પેસેન્જર ૬૬ વર્ષના વિલિયમ્સ સવાર હતા. બંનેને મામૂલી ઇજા થઇ છે.

# કોંગ્રેસના બે ઉમેદવારો સામે આચારસંહિતાના ભંગની ફરિયાદ





અમદાવાદ,તા.૨૮

કોંગ્રેસ બે દિગ્ગજ નેતા અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીમા ઉમેદવાર ગ્યાસુદ્દીન શેખ અને ઈન્દ્રનીલ રાજયગુરુ સામે આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાઈ છે. ભાજપ દ્વારા ઈન્દ્રનીલ રાજયગુરુ સામે ચૂંટણી પંચમાં ફરિયાદ કરાઈ હતી. તો દરિયાપુરના કોંગ્રેસના ઉમેદવારે પત્રિકામાં ચૂંટણીનો સમય ખોટો દર્શાવ્યો હોવાથી તેમની સામે ફરિયાદ થઈ છે.

અમદાવાદમાં દરિયાપુર કોંગ્રેસના ઉમેદવાર ગ્યાસુદ્દીન શેખ સામે ફરિયાદ નોંધાઈ છે. મદદનીશ ચૂંટણી અધિકારીએ તેમની સાથે ફરિયાદ નોંધાવી છે. ગ્યાસુદ્દીને ચૂંટણી પ્રચાર માટે છપાયેલી પત્રિકામાં મુદ્રકનું નામ, સરનામું અને સંખ્યા નિયમ મુજબ ન દર્શાવ્યુ હોવાનું ફરિયાદમા જણાવાયું છે. મતદાન ઓછું થાય તે ઈરાદા સાથે સમય ૮થી ૬ નો દર્શાવ્યો હોવાનું કારણ અપાયું છે. ત્યારે આ મામલે માધવપુરા પોલીસે ગ્યાસુદ્દીન શેખ સામે ફરિયાદ નોંધાવી છે. સાથે જ ચિરાગ પ્રિન્ટર્સના મુદ્રક-પ્રકાશક સામે પોલીસે તપાસ શરૂ કરી છે. મહત્વનું છે કે કાર્યકરો દ્વારા નિયમની જાણકારી વિના શરત ચૂકથી પત્રિકા છપાવી હોવાનો ગ્યાસુદ્દીન શેખે હકીકતલક્ષી જવાબ રજૂ કર્યો હતો.

જાહેર ચૂંટણી સભામાં વિવાદિત નિવેદન આપતા ભાજપે ચૂંટણીપંચમાં રાજકોટમાં કોંગ્રેસના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજ્યગુરુ સામે ફરિયાદ કરી છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા કોંગ્રેસ સામે આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાઈ છે. કોંગ્રેસના રાજકોટ ૬૮ બેઠકના વિધાનસભા ઉમેદવાર ઈન્દ્રનીલ રાજ્યગુરુ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ભાજપે કહ્યું કે, ઈન્દ્રનીલ રાજગુરુએ આદર્શ આચારસંહિતાનો ભંગ કર્યો છે. પોતાની જાહેર સભા દરમિયાન 'જય જય કાર કરું છું હું મહાદેવનો જય જય કાર કરું છું' જેવા શબ્દો ઉચ્ચારવા બદલ આ ફરિયાદ કરાઈ હતી.

રાજકોટ પૂર્વ બેઠકના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજયગુરુએ દેવપરા(જંગલેશ્વર) વિસ્તારની જાહેરસભામાં કહ્યુ હતું કે, અજમેરમાં પણ મહાદેવ બેઠા છે અને સોમનાથમાં પણ અલ્લાહ બેઠા છે. મારી દ્રષ્ટિએ મહાદેવ અને અલ્લાહ એક જ છે. આ સાથે જ સભામાં અલ્લાહ-ઉ-અકબરનો ઈન્દ્રનીલ રાજગુરૂએ નારો લગાવ્યો હતો. ત્યારે આ નિવેદનનો વીડિયો વાયરલ થયો હતો. આ વિશે ઈન્દ્રનીલ રાજ્યગુરુએ કહ્યુ હતું કે, હું હિન્દૂ-મુસ્લિમ એકતા ઈચ્છુ છું. ભાજપ દ્વારા આ કલીપ વાયરલ કરવામાં આવી રહી છે. આખી સ્પીચ સાંભળજો મારો કહેવાનો અર્થ શું છે.

# કોંગ્રેસ માટે ખોટો પ્રચાર અહી કરવામાં આવે છે. : કોગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગે

## ૭૦ વર્ષમાં કોંગ્રેસે ભારત દેશ બનાવ્યો છે, એનું ફળ તમે ભોગવી રહ્યા છો

અમદાવાદ,તા.૨૮

મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ પર વાર કરતા જણાવ્યુ હતું કે, કોંગ્રેસ માટે ખોટો પ્રચાર અહી કરવામાં આવે છે. અમારા નેતાઓ માટે ખોટો પ્રચાર કરાય છે. આ ચુંટણી ગુજરાતની જનતાની છે અને ગુજરાતની જનતા હોશિયાર છે. માટે જ દેશના દરેક ખૂણામાં ગુજરાતી ફેલાયેલા છે. કાશ્મીરથી કન્યા કુમારી સુધી ગુજરાતી વસેલા છે. ગુજરાતની જનતા કોંગ્રેસની ફેવરમાં નિર્ણય લઈ રહી છે, માટે ભાજપના રાષ્ટ્રીય નેતા વોર્ડ વોર્ડ ફરી રહ્યા છે. કેટલાક લોકો વારંવાર મહાત્મા ગાંધીનું નામ લઈને કોંગ્રેસને બદનામ કરવાનું કામ કરે છે, ગુજરાતની જનતા કોંગ્રેસ તરફી છે એવું ભાજપના ધ્યાને આવ્યું છે. એટલે જ ભાજપના રાષ્ટ્રીય નેતાઓ અહીંયા આવી રહ્યા છે. ભાજપના નેતા વોટ માંગતા સમયે પણ પોતાના નામે વોટ માંગે છે, પાર્ટીના નામે નહિ.

તેમણે કહ્યું કે મોદી કહે છે આ ગુજરાત મેં બનાવ્યુ છે, પણ ગુજરાતના અન્ય લોકોનો પણ ફાળો છે. ગુજરાતને બનાવવમાં કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રીઓ અને મોરારજી દેસાઈની પણ ભૂમિકા છે. કોંગ્રેસે ૭૦ વર્ષમાં કશું નથી કર્યું એ ભાજપનો કોમન ડાયલોગ છે, ૭૦ વર્ષમાં કોંગ્રેસે ભારત દેશ બનાવ્યો છે, એનું ફળ તમે ભોગવી રહ્યા છો. અમારા નેતાઓ ફાંસીએ ચડ્યા, બલિદાન આપ્યાં ત્યારે દેશ આઝાદ થયો છે, આ બધી વાતોનો અમે વારંવાર ઉલ્લેખ નથી કરતા. મોદી-શાહથી સૌ કોઈ પરેશાન છે, અમારા લોકો ગામડે ગામડે, બુથ બુથ લડી રહ્યા છે.

હું જ્યારે રેલવે મીનીસ્ટર હતો ત્યારે ગુજરાતને ઘણું આપ્યું પણ ક્યારે ઢોલ નથી પીટ્યા. એવુ નથી કહ્યું કે, મેં કર્યુ છે.

# શ્રદ્ધા મર્ડર કેસમાં ગુજરાત કનેક્શન : સુરતના ડ્રગ પેડલર સાથે છે આફતાબનો સંબંધ

સુરત,તા.૨૮

દિલ્હીમાં શ્રદ્ધા મર્ડર કેસમાં એક બાદ એક નવા ખુલાસા થઈ રહ્યાં છે. ત્યારે હવે શ્રદ્ધા મર્ડર કેસનું ગુજરાત કનેક્શન ખૂલ્યું છે. આફતાબ સાથે જોડાયેલ ડ્રગ પેડલરની ધરપકડ થઈ છે. સૌથી ચોંકાવનારી વાત તો એ છે કે, ડ્રગ પેડલર સુરતનો હોવાનું બહાર આવ્યું છે. ડ્રગ પેડલર ફૈઝલ મોમીનની ધરપકડ કરાઈ છે, તે સુરતનો છે. ફૈઝલ મોમીન આફતાબ પૂનાવાલાને ડ્રગ પહોંચાડતો હતો. ત્યારે શ્રદ્ધા મર્ડર કેસમાં સુરત પોલીસ પણ દોડતી થઈ છે. સુરતનો ફૈઝલ મોમીન આફતાબ પૂનાવાલાને ડ્રગ્સ પહોંચાડતો હોવાનું સામે આવ્યું છે. તેથી હવે ફૈઝલ મોમીનના કોલ રેકોર્ડની તપાસ કરવામાં આવશે. ફૈઝલ મોમીનની ૪ દિવસ પહેલા સુરત ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. પાંડેસરા અને અમરોલીમાં ૪ કરોડના ડ્રગ કેસમાં ફૈઝલની મુંબઈથી ધરપકડ કરાઈ હતી. ત્યારે ફૈઝલ મોમીન હાલ સુરતની લાજપોર જેલમાં છે.

દિલ્હીના મહરૌલી વિસ્તારમાં પોતાની પ્રેમિકા શ્રદ્ધાની ઘાતકી હત્યા કરીને તેના મૃતદેહા ૩૫ ટુકડા કરનાર આરોપી આફતાબનો સોમવારે ત્રીજીવાર પોલીગ્રાફી ટેસ્ટ થશે. હાલ કોર્ટે આફતાબને ૧૩ દિવસની ન્યાયિક પૂછપરછમાં રાખ્યો છે. તે દિલ્હીની તિહાર જેલમાં કેદ છે. આફતાબનો નાર્કો ટેસ્ટ આંબેડકર હોસ્પિટલના ડો.નવીન કરશે. આફતાબ પૂનાવાલાનો અત્યાર સુધી બે વાર પોલીગ્રાફી ટેસ્ટ કરવામાં આવ્યો છે. એફએસએલની ટીમે ગુરુવારે ટેસ્ટ દરમિયાન ૮ કલાક તેની પૂછપરછ કરી હતી. શુક્રાવેર આફતાબની ૩ કલાક પૂછપરછ કરાઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે, આફતાબની તબિયત ખરાબ થવાને બીજા દિવસે અમે પૂછપરછ કરી શક્યા ન હતા. આ કારણે સોમવારે તેનો પોલીગ્રાફી ટેસ્ટ કરવામાં આવ્યો છે.

શ્રદ્ધાની હત્યાની પુષ્ટિ ફોરેન્સિક તપાસમાં થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યાં મુજબ જે હાડકાં પોલીસને મળી આવ્યા હતા તેના બ્લડ ક્લોટ અને શ્રદ્ધાના પિતાના ઙ્ઘહ્વછ સેમ્પલને મેચ કરવામાં આવ્યા હતા. અત્રે જણાવવાનું કે ફોરેન્સિક લેબે બ્લડ ક્લોટ અને હાડકાનું શ્રદ્ધાના પિતાના ઙ્ઘહ્વછ સેમ્પલ સાથે મેચ કર્યું હતું. જેમાં ડીએનએ સેમ્પલ મેચ થઈ ગયું હોવાની પુષ્ટિ થઈ છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી જાણકારી મુજબ ફોરેન્સિક તપાસની ટીમે દિલ્હી પોલીસને એ વાતની મૌખિક જાણકારી આપી છે. એવું કહેવાયું છે કે સમગ્ર રિપોર્ટ તૈયાર કરીને આપવામાં હજું ફોરેન્સિક ડિપાર્ટમેન્ટને થોડા દિવસનો સમય લાગી શકે છે. પોલીસ દ્વારા જમા કરવામાં આવેલા એગ્ઝાબિટની તપાસ બાદ શ્રદ્ધાની હત્યાની પુષ્ટિ થઈ ગઈ છે. બીજી બાજુ ફોરેન્સિક ટીમે પોલીસને એ પણ જણાવ્યું કે તેમને આરીથી બોડી કાપવાના નિશાન મળ્યા છે.

# જેને મંદિર બનાવવું હોય તે ભાજપમા રહે અને જેને મસ્જિદ બનાવવુ હોય તે કોંગ્રેસમાં જાય : ભાજપના નેતા

પાટણ,તા.૨૮

૨૦૨૨ ની ચૂંટણીમાં ઉમેદવારો મતદારો પાસેથી વોટ માંગવાને બદલે વિવાદાસ્પદ નિવેદનોને કારણે વધુ ચર્ચાઈ રહ્યાં છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ રાજકોરના માહોલમાં ગરમાવો આવી રહ્યો છે. અનેક જગ્યાએ ઉમેદવારો વચ્ચે તણખા ઝરી રહ્યા છે. દરમિયાન ગુજરાતની કેટલીક સીટ પર તો ઉકળતા ચરુ જેવી સ્થિતિ છે. આવામાં પાટણમાં ભાજપના એક સ્થાનિક નેતાનું વિવાદીત નિવેદન સામે આવ્યું છે. પાલિકા કોર્પોરેટર અને ભાજપ પૂર્વ શહેર પ્રમુખ મનોજ પટેલે મંદિર અને મસ્જિદને લઈને નિવેદન આપ્યું છે.

પાટણમાં ભાજપ ઉમેદવાર ડો.રાજુલ દેસાઈની ચૂંટણી સભામાં મનોજ પટેલે વિવાદિત નિવેદન આપ્યું છે.

તેમણે કહ્યું કે, જેને મંદિર બનાવવું હોય તે ભાજપમા રહે અને જેને મસ્જિદ બનાવવુ હોય તે કોંગ્રેસમાં જાય. આમ, ૨૦૨૨ ની ચૂંટણીમાં ફરી એકવાર હિન્દુ-મુસ્લિમ મુદ્દો ઉઠ્યો છે. હાલ સોશિયલ મીડિયા પર મનોજ પટેલનું મંદિર મસ્જિદ મામલે વિવાદિત નિવેદન વાયરલ થયું છે. તો બીજી તરફ, ઉમરેઠના ભાજપનાં ઉમેદવારનાં પુત્રએ મુસ્લિમ યુવકની ટોપી ઉતારી લીધી હોવાનો કિસ્સો બન્યો છે.

ઉમરેઠ વિધાનસભા ભાજપના ઉમેદવારના પ્રચારમાં મુસ્લિમ યુવકની ટોપી ઉતારી લેવાઈ છે. ભાજપના ઉમેદવાર ગોવિંદ પરમારના પ્રચારમાં મુસ્લિમ યુવક જોડાયો હતો. ત્યારે ઉમેદવારના પુત્રએ મુસ્લિમ યુવકની ટોપી ઉતારી લીધી હતી.

ત્યારે હાલ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જોકે, આ વીડિયો કયા ગામનો છે તેની પૃષ્ટિ થઈ શકી નથી. પરંતુ વાયરલ વીડિયો ઓડ ગામનો હોવાનું ચર્ચાય છે.

# સવારના નાસ્તામાં વડાપ્રધાને સુરતની ફેમસ ખાણીપીણી માણી

સુરત,તા.૨૮

મતદાનને હવે બે દિવસ બાકી રહી ગયા છે, ત્યારે પ્રધાનમંત્રી મોદી ખુદ મેદાનમાં ઉતર્યા છે. ગઈકાલે સુરતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ભવ્ય રોડ શો યોજાયો હતો. જેમાં પીએમ મોદીની એક ઝલક જોવા મોટીમાં લોકોની ભીડ ઉમટી હતી. મોદી મોદીના નારાથી વડાપ્રધાનનું ચાહકોએ અભિવાદન કર્યું હતું. જેના બાદ તેમણે સુરતના મોટા વરાછામાં જનસભા સંબોધી હતી. પીએમ મોદીએ જનસભા બાદ પણ બેક ટુ બેક મીટિંગો યોજી હતી, અને ચૂંટણીની રણનીતિ નક્કી કરી હતી. આજે તેમણે પોતાની સવાર સુરતનો ફેમસ નાસ્તો પોંકથી શરૂઆત કરી હતી. જેના બાદ તેમણે સુરત સર્કિટ હાઉસમાં બેઠકો કરી હતી.

પીએમ મોદીએ આજે સવારથી જ સુરત સર્કિટ હાઉસમાં બેઠકોનો ધમધમાટ શરૂ કર્યો હતો. તેમણે સુરતના હીરા ઉદ્યોગકારો અને પાટીદાર અગ્રણીઓ સાથે બેઠક કરી હતી. પાટીદાર ગઢ પર વર્ચસ્વ ટકાવી રાખવાના પ્રયાસના ભાગરૂપે તેમણે આ બેઠકો કરી હતી.

ઉદ્યોગકાર મુકેશ પટેલ પ્રધાનમંત્રી મોદીને મળવા સર્કિટ હાઉસ પહોંચ્યા હતા. તો આપ આદમી પાર્ટી ના પૂર્વ નેતા અને ઉધોગપતિ મહેશ સવાણી પીએમ મોદીને મળ્યા હતા. સુરત ખાતે આયોજિત પીએમ મોદીની સભામાં પણ મહેશ સવાણી જોવા મળ્યા હતા. જેથી તરેહ તરેહની વાતો વહેતી થઈ હતી. તો સુરતમાં પ્રધાનમંત્રી મોદીની સવાર સુરતી પોંના નાસ્તાથી થઈ હતી. સુરતનો પોંક વખણાય છે. ત્યારે પ્રધાનમંત્રી મોદીને નાસ્તામાં આ ખાસ સુરતી વાનગી આપવામાં આવી હતી.

સવારે સીઆર પાટીલ પણ પ્રધાનમંત્રી મોદીને મળવા પહોંચ્યા છે. ગઈકાલે મોડીરાત સુધી સીઆર પાટીલ અનેક હર્ષ સંઘવીની પ્રધાનમંત્રી સાથે બેઠક થઈ હતી. ગઈકાલે પણ ગઈકાલે સભા સ્થળે ૪૦ ઉદ્યોગકારોને પ્રધાનમંત્રી ૧૫ મીનિટ સુધી મળ્યા હતા. વરાછામાં સભા સ્થળ પાછળ બેક સ્ટેજ ઉદ્યોગકારોને મળીને તેઓએ સુરતમાં પાટીદાર ગઢમાં ભાજપને જે ડેમેજ થયું, તેને કંટ્રોલ કરવા પ્રયાસ હાથ ધર્યો હતો.

# અમિત શાહે વરદાયિની માતાની માનતા પૂરી કરી

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રચાર હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. પીએમ મોદીની સતત સભાઓ થઈ રહી છે. તો અમિત શાહ પણ ધુંઆધાર પ્રચાર કરી રહ્યાં છે. રાજકીય ગરમાવા વચ્ચે એક રસપ્રદ વાતને યાદ કરીએ, જે અમિત શાહ સાથે જોડાયેલી છે. અમિત શાહ દેશના ગૃહમંત્રી છે. દેશની સુરક્ષીની સાથે સાથે તેઓ બીજેપીની નવી રણનીતિઓના મુખ્ય સૂત્રધાર પણ છે. પરંતુ શુ તમે જાણો છો કે, અમિત શાહના જન્મ માટે તેમના માતાપિતાએ માનતા રાખી હતી. તેમના માતાપિતાએ બાધા રાખી હતી. આ માનતા શુ છે અને એક ખાસ જગ્યા સાથે અમિત શાહના પરિવારનો અને માનતા પૂરી કરનારા માતા વિશે શું સંબંધ છે તે જાણીએ.

અમિત શાહના માતાજી અને પિતાજીએ માતા વરદાયિની પાસે માનતા માંગી હતી કે, તેમના ઘરમાં કુલદીપક આવે. સમયસર આ માનતા પૂરી પણ થઈ. માતા વરદાયિનીની કૃપાથી અમિત શાહનો જન્મ થયો હતો. આ જ કારણે અમિત શાહ દર નવરાત્રિએ માતાના દર્શન અને પૂજા માટે જાય છે.

વરદાયિની માતાનું મંદિર ગાંધીનગનરા રૂપાલ જિલ્લામાં છે. જે ગાંધીનગરથી ૧૩ કિલોમીટર અને અમદાવાદથી લગભગ ૪૦ કિમી દૂર આવેલું છે. વરદાયિની માતાનું મંદિર ગામની મધ્યે આવેલું છે. માન્યતા છે કે, વરદાયિની માતાનું આ મંદિર પાંડવો દ્વારા બનાવવામાં આવ્યુ હતું. આ મંદિર દેવી વરદાયિનીની સમર્પિત છે. રૂપાલનું વરદાયિની માતાનું મંદિર નવરાત્રિ ઉત્સવ દરમિયાન ઘીની નદીઓ માટે પ્રખ્યાત છે.

# ગુજરાતના પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસ કોંગ્રેસમાં જોડાયા

અમદાવાદ,તા.૨૮

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં મતદાનને હવે બે દિવસ બાકી રહી ગયા છે, ત્યારે ભાજપને મોટો ફટકો પડ્યો છે. ગુજરાતના પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસ કોંગ્રેસમાં જોડાયા છે. પોતાના કાર્યકરો સાથે જયનારાયણ વ્યાસ પ્રદેશ કોંગ્રેસના કાર્યાલય પહોંચ્યા હતા. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખાડગેની હાજરીમાં તેમણે કોંગ્રેસનો ખેસ પહેર્યો હતો. અગાઉ ભાજપમાંથી જયનારાયણ વ્યાસે રાજીનામું આપ્યુ હતુ, નારાજ નેતા કોંગ્રેસમાં જશે તેવું લાંબા સમયથી ચર્ચાઈ રહ્યુ હતું. એટલુ જ નહિ, ગઈકાલે સિદ્ધપુરમાં કોંગ્રેસના ઉમેદવારને સમર્થનની જાહેરાત કરી હતી. ત્યારે જયનારાયણ વ્યાસના કોંગ્રેસમાં જવાથી ભાજપને મોટો ફટકો પડી શકે છે.જયનારાયણ વ્યાસ આજે વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા હતા. મલ્લિકાર્જુન ખડગેએ તેમને ગળામં ખેસ પહેરાવી પાર્ટીમાં પ્રવેશ કરાવ્યો હતો. આ સાથે જ એપીએમસીના પુર્વ ચેરમેન સમીર વ્યાસ પણ કોંગ્રેસમાં જોડાયા છે.

## કારખાના ધારા-૧૯૪૮ હેઠળના કારખાના શ્રમયોગી તેમજ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સએક્ટ- ૧૯૯૬ અન્વયે નોંધાયેલી સંસ્થા/સાઇટના શ્રમયોગીઓ મત આપી શકે તેવી વ્યવસ્થા કરવા અંગે ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગની યાદી, જોગવાઈ વિરુદ્ધ વર્તન કરનાર સામે કાયદાકીય કાર્યવાહી થશે

ડાયરેક્ટર ઈન્ડસ્ટ્રીઅલ સેફ્ટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજ્ય અમદાવાદની યાદી જણાવે છે કે આગામી તા. ૦૧/ ૧૨ /૨૦૨૨,ગુરુવાર અને તા. ૦૫/૧૨/૨૦૨૨, સોમવારના રોજ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ માટે મતદાન યોજાશે.

આ દિવસે જે તે વિસ્તારમાં કારખાના ધારા-૧૯૪૮ હેઠળના (ઔદ્યોગિક એકમો) કારખાનામાં કામ કરતા શ્રમયોગી તેમજ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ-૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થા / સાઈટ પર કામ કરતા શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમજ લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ ની કલમ ૧૩૫(બી) મુજબ કારખાના ધારા-૧૯૮૮ હેઠળના કારખાના શ્રમયોગી તેમજ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ ૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થાઓ/સાઇટ પર કામ કરતાં શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે.આ જોગવાઈ અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ/ કર્મચારીઓના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં.

રજાના કારણે જો શ્રમયોગી/કર્મચારી પગાર મેળવવાનો હક ન ધરાવતો હોય તેવા સંજોગોમાં જે તે વ્યકિત રજા જાહેર ન થઇ હોય અને જે પગાર મળવાપાત્ર થતો હોય તેટલો પગાર ચૂકવવાનો રહેશે.

જે મતદારની ગેરહાજરીથી જોખમ ઉભુ થવા સંભવ હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે કળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં નુકશાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ/કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમ્યાન ત્રણ થી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે. જો કોઇ કારખાનેદાર માલિક કે નોકરીદાતા ઉપરોકત જોગવાઇથી વિરુધ્ધનું વર્તન કરશે તો આ કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### ગુજરાત હાઇકોર્ટ દ્વારા નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો આદેશ

# વર્ષો પછી ફરજ ઉપર હાજર કરતા કામદાર પરિવારોમાં તેમજ સિંચાઈ વિભાગના કામદાર પરિવારોમાં આનંદ ઉલ્લાસ ની લાગણી

પંચમહાલ,

પંચમહાલ અને મહિસાગર જિલ્લાના પાનમ યોજના વર્તુળ ગોધરા અને ભાદર નહેર વિતરણ લુણાવાડા ની સિંચાઈ યોજના ના ૨૯ જેટલા રોજમદારોને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો આદેશ થતા વર્ષો પછી તારીખ ૨૪/૧૧/૨૨ રોજથી ફરજ ઉપર હાજર કરતા કામદાર પરિવારોમાં તેમજ સિંચાઈ વિભાગના કામદાર પરિવારોમાં આનંદ ઉલ્લાસ ની લાગણી પ્રવૃત્તિ છે

પંચમહાલ જિલ્લાના પાનમ યોજના વર્તુળ પાનમ ડેમ તથા ભાદર નહેર વિતરણ લુણાવાડા ની કચેરીમાં વર્ષોથી રોજમદાર તરીકે ૨૯ જેટલા રોજમદારો ફરજ બજાવતા હતા ફરજના અરસા દરમિયા તેઓને તેમન નોકરીમાં પ્રત્યેક વર્ષોમાં ૨૪૦ દિવસ કરતાં વધુ કામગીરી કરી હોવા છતાં સંસ્થાએ કામદારોને ગેરકાયદેસર રીતે છૂટા કરી દીધેલ આ તમામ કામદારોએ આ બાબતે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખ એ એસ ભોઈનો સંપર્ક કરતા તમામ કામદારોને સંસ્થાએ ગેરકાયદેસર રીતે મજૂર કાયદાની જોગવાઈ વિરુદ્ધ નોકરી માંથી છૂટા કરેલ હોવાને કારણેઆઈડી એક્ટ ની કલમ ૨૫ એચ અને ૨૫ એફ નો ભંગ કરી છૂટા કરેલા ૨૯ જેટલા કામદારોને પુનઃ નોકરી પર લેવા બાબતે મદદનીશ મજૂર કમિશનર ગોધરા પંચમહાલ સમક્ષ ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ ૧૦ (૧ ) હેઠળ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા ફરિયાદ દાખલ કરેલ જે ફરિયાદ બાબતે બંને પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન ન થતા આ કેસ નામદાર મજૂરોના ગોધરા સમક્ષ રેફરન્સ કરવામાં આવેલ જે કામે ફેડરેશન દ્વારા માલિક અને કામદા તરી કે ના સંબંધો પ્રસ્થાપિત કરતા જરૂરી દસ્તાવેજો રજૂ કરેલ તેમજ સામા વાળા ના કબજા હેઠળ ના દસ્તાવેજો રજૂ કરાવી રોજમદારોએ તેમની નોકરી અરસા દરમિયાન પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી કરી હોવા થી આઇડી એક્ટ ની કલમ ૨૫ બી મુજબ સળંગ નોકરી ની વ્યાખ્યા માં તેઓનો સમાવેશ થવાના પુરવાર રજુ કરી કરાવી ફેડરેશનના પેનલ એડવોકેટ સીતેશ એ ભોઈ તથા વૈભવ આઈ ભોઈ દ્વારા સંયુક્ત દલીલો કરતા ફેડરેશનની દલીલો ધ્યાને લઈ ૨૯ કામદારોને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા તથા પડેલા દિવસોનો પગાર ચૂકવી આપવા બદલે પ્રત્યેક કામદારને ઉચ્ચક રૂપિયા ૮૫ હજાર ચૂકવવાનો નો આદેશ કરેલ જે આદેથી નારાજ થઈ સામુહિક કામદારોએ ફેડરેશન પ્રમુખ એ.એસ ભોઈ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ સી એ દાખલ કરી હુકમને પડકારેલ જે કેસ ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટે દ્વારા મજુર અદાલત ગોધરાનો નોકરી તથા પડેલા દિવસોનો પગાર પેટે રૂપિયા ૮૫ હજાર ચૂકવવા થયેલ આદેશમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે દ્વાર તે હુકમ મોડીફાઇ કરી તમામ કામદારોને ઉચ્ચક નાણા ચુકવવાની જગ્યાએ તેમની સળંગ નોકરી ગણી મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો આદેશ કરેલ જે આદેશ નો અમલ કરવામાં સમકક્ષ અધિકારીઓ નિષ્ફળ જતા તે હુકમનું પાલન કરવા કામદારો વતી ફેડરેશન દ્વારા કન્ટેમન્ટ ઓફ કોર્ટ ની કાનૂની કાર્યવાહી હાથ ધરતા આ તમામ કામદારો ને તાકીદે તેમની મૂળ જગ્યાએ ફરજ ઉપર હાજર કરવા નો ઓરલ ઓર્ડર નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરતા આ તમામ કામદારોને તેમનીની મૂળ જગ્યાએ તારીખ ૨૪/૧૧/૨૨ના રોજ થી ફરજ પર હાજર કરતા કામદારો તેમના પરિવારો અને સિંચાઈ વિભાગમાં નોકરી કરતા તમામ કામદારોમાં આનંદની લાગણી પ્રવૃત્તિ છે અને ફેડરેશનના તમામ હોદ્દેદારોને અંતઃકરણથી અભિનંદન પાઠવી ફેડરેશન નો આભાર માનેલ છે.

પ્રમુખ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન

એ.એસ ભોઈ કાલોલ પંચમહાલ



ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પ્રથમ તબક્કાની ચૂંટણીનો પ્રચાર અંતિમ તબક્કે પહોંચ્યો છે,ત્યારે તમામ પક્ષ અને ઉમેદવારો મતદારોને આકર્ષવા નિતનવા ઉપાયો અજમાવ્યા છે.રાષ્ટ્રીય કક્ષાના રાજકીય નેતાઓએ હાજરી આપ્યા બાદ હવે નર્મદા જિલ્લામાં ક્રિકેટર રવિન્દ્ર જાડેજાએ આજે ડેડીયાપાડાના ભાજપ ઉમેદવાર હિતેશ વસાવાના સમર્થનમાં રોડ શો યોજી ભાજપ ઉમેદવાર ને જીતાડવા અપીલ કરી હતી.ડેડીયાપાડા ક્રૅદ્બષ્ઠ માર્કેટથી શરૂ થયેલ રોડ શો ભગવાન બિરસા મુંડાની પ્રતિમા સુધી યોજાયો હતો.

આ તબક્કે પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા અને સ્ટાર પ્રચારક એવા સાંસદ મનસુખ વસાવા પણ જોડાયા હતા. રોડ શો સમાપ્તિ સમયે ક્રિકેટર રવિન્દ્ર જાડેજાએ ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધન કરીને ભાજપ ઉમેદવાર ને જીતાડવા અપીલ કરી હતી. ડૉ. યગ્નેશ દવે (પ્રદેશ મિડીયા કન્વીનર)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK